

મારી
# લિવર ટ્રાન્સપ્લાન્ટ યાત્રા

# થર્ડ ઈનીંગ

દિલીપ દેશમુખ

સંપાદક : કિશોર મકવાણા

Scanned with CamScanner

# DONATE LIFE

"એક દિવસ હૉસ્પિટલમાં ધોળી ચાદર નીચે મારો દેહ ઢંકાયેલો હશે.
ડૉક્ટર્સ આવીને અભિપ્રાય આપશે કે,
'મારું મગજ કામ કરતું બંધ થઈ ગયું છે.
અને તે હવે ફરીથી કાર્યરત થઈ શકવાનું નથી.'
ગણતરીના સમયમાં મારું હૃદય પણ ધબકતું બંધ થશે.
મારા વ્હાલા સ્વજનો, જ્યારે આવું બને, ત્યારે કૃત્રિમ શ્વાસોશ્વાસ વડે
મારું બનાવટી આયુષ્ય વધારશો નહીં.
મારા અંગોને બાળી કે દાટી દેવાને બદલે તેની મદદથી બીજા
કોઈનું જીવન ચેતનવંતુ બનાવજો.
કોઈને મારી આંખ આપજો..., કોઈને હૃદય આપજો...,
દર અઠવાડિયે ડાયાલિસીસ મશીનથી જેમ તેમ જીવી રહેલા કોઈના
લાડકવાયાને મારી કિડની આપજો.
ઈશ્વરે આપેલી આ દેહની મિલ્કત, ઈશ્વરના જ કોઈ
સંતાનને આપીને તેને જીવાડજો.
મારી યાદને અમર કરવા માગતા હો તો મારા નામની
મૂર્તિ, સ્મારક, પાળિયો કે મંદિર બંધાવશો નહીં.
મારાં અંગોનું દાન કરી મને કોઈના જીવનમાં રોપી અમર કરજો.
આટલું કરશો તો તે મારું શ્રેષ્ઠ શ્રાધ્ધ ગણાશે."

Scanned with CamScanner

# મારી લિવર ટ્રાન્સપ્લાન્ટ યાત્રા

# થર્ડ ઈનીંગ

દિલીપ દેશમુખ

સંપાદક
કિશોર મકવાણા

પ્રકાશક
નમસ્કાર
પબ્લિકેશન

Scanned with CamScanner

# મારી લિવર ટ્રાન્સપ્લાન્ટ યાત્રા

પ્રકાશકઃ
નમસ્કાર પબ્લિકેશન
આઈ-૭, મધુરમ કૉમ્પલેક્ષ, પેટ્રોલપંપની પાસે,
જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧.

પ્રથમ આવૃત્તિ: જૂન ૨૦૨૧

મૂલ્ય: અમૂલ્ય

મુદ્રકઃ
ગણેશ પ્રિન્ટ શોપ
બેઝમેન્ટ, ગોલ્ડન ટ્રાયએંગલ,
સરદાર પટેલ સ્ટેડિયમ પાસે,
નવરંગપુરા, અમદાવાદ.

સહયોગ • શ્રી કોમલભાઈ છેડા (બિદડા-કચ્છ)

Scanned with CamScanner



# અર્પણ...

બૂઝાતા દીપકમાં અમૃત સમાન
સંજીવનીનું સિંચન કરીને મારી
જીવન જ્યોતિ પુનઃ ઝળહળતી કરનાર
દેવદૂત મહર્ષ પટેલને .....

Scanned with CamScanner



## અંગનું દાન મહાન છે, આનાથી મોટું દાન બીજું કોઈ હોઈ શકે નહીં

ત્યાગ અને સેવાની અભિવ્યક્તિ આપણી સંસ્કૃતિ અને પરંપરાના કેન્દ્રમાં રહી છે. અંગનું દાન મહાન છે, કારણ કે અંગ પ્રાપ્ત કરનાર વ્યક્તિ એક નવું જીવન મેળવે છે. આપણા દેશમાં એવા લાખો લોકો છે જેમને આવી જરૂરિયાત હોય છે અને અંગદાનથી મોટું દાન બીજું કોઈ હોઈ શકે નહીં. અંગદાનને એક જન આંદોલન બનાવીને ઘણા જરૂરિયાતમંદ લોકોની મદદ કરી શકાય છે.

અંગનું દાન એક વૃત્તિ અને પ્રવૃત્તિ બનવી જોઈએ. અંગદાનને એક ઉત્સવ બનાવવો જોઈએ. મને લાગે છે કે આ વિષય ખૂબ મહત્વપૂર્ણ છે. દેશમાં દર વર્ષે ૨.૫ લાખથી વધુ કિડની, હાર્ટ અને લીવર ડોનેશનની જરૂર હોય છે. પરંતુ આપણા ૧૨૫ કરોડના દેશમાં ફક્ત પાંચ હજાર ટ્રાન્સપ્લાન્ટ જ સફળ થઈ શક્યા છે. દર વર્ષે એક લાખ આંખોને દ્રષ્ટિની જરૂર હોય છે અને આપણે ફક્ત પચીસ હજાર સુધી પહોંચી શક્યા છીએ. ચાર આંખોની જરૂર છે ત્યાં આપણે ફક્ત એક જ આપી શકીએ છીએ. માર્ગ અકસ્માતમાં મૃત્યુની સ્થિતિમાં શરીરના અંગનું દાન કરી શકાય છે. કાનૂની ગૂંચવણો પણ ઘણી છે. રાજ્યોને આ દિશામાં માર્ગદર્શન આપવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા છે.

આજે હું કહી શકું છું કે તામિલનાડુ અંગદાનના ક્ષેત્રમાં આગલી હરોળમાં છે. ઘણી સામાજિક સંસ્થાઓ, ઘણી એનજીઓ આ દિશામાં ખૂબ સારા કામ કરી રહી છે. અંગ પ્રત્યારોપણને પ્રોત્સાહન આપવા માટે 'નેશન ઓર્ગન અને ટીશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઇઝેશન' (નોટો) ની સ્થાપના કરવામાં આવી છે. ૨૪x૭ હેલ્પલાઇન ૧૮૦૦૧૧૪૭૭૦ પણ ઉપલબ્ધ છે. આપણે ત્યાં એવું કહેવામાં આવ્યું છે કે 'તેન ત્યક્તેન ભુંજીથા:' ત્યાગનો આનંદ.

આ મંત્ર 'તેન ત્યક્તેન ભુંજીથા:' માં ખૂબ સરસ રીતે વર્ણવ્યો છે. થોડા સમય પહેલા આપણે બધાએ ટેલિવિઝન પર જોયું કે દિલ્હીની જી.બી. પંત હોસ્પિટલમાં એક ગરીબ લારીવાળાની પત્નીનું લિવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. આ લીવરને ખાસ વ્યવસ્થા કરીને લખનૌથી દિલ્હી લાવવામાં આવ્યું હતું અને તે કામગીરી સફળ પણ રહી. એક જીવ બચી ગયો. 'અંગદાન મહાદાન' દ્વારા ચાલો આપણે 'તેન ત્યક્તેન ભુંજીથા:' આ ભાવનાને મૂર્તિમંત કરીએ.

નરેન્દ્ર મોદી

**નરેન્દ્ર મોદી**

વડાપ્રધાન, ભારત સરકાર

★ ૨૫ ઓક્ટોબર ૨૦૧૫ : 'મન કી બાત' માંથી

# મારી વાત



'થર્ડ ઈનીંગ'માં પગરણ માંડતાં પહેલાંની વાત કરું તો જન્મથી લઈને વર્ષ ૨૦૦૧માં આવેલા વિનાશકારી ભૂકંપમાં કરેલાં માનવતાવાદી કાર્યો સુધીની સમયગાળાને મારી જિંદગીની પ્રથમ ઈનિંગ માનવી પડે. એ પછીથી લઈને વર્ષ ૨૦૨૦માં મારા ખુદના શરીર ઉપર આવેલી લિવર ટ્રાન્સપ્લાન્ટની યાત્રા સુધીનો કપરોકાળ મારા જીવનની બીજી ઈનિંગ રહી છે. પરંતુ ભાઈશ્રી મહર્ષ પટેલ પરિવારના અંગદાન પછી મારા નવા અવતાર અગાઉ કરેલા અંગદાનના પ્રચાર-પ્રસાર કરવાના કાર્ય સાથે શરુ થયેલી આ મારી થર્ડ ઈનીંગ વિશે થોડુંક આપની આગળ શબ્દદેહે મૂકી રહ્યો છું.

મારી આ લિવર ટ્રાન્સપ્લાન્ટ યાત્રામાં અનેક શુભેચ્છકોની અનહદ લાગણી સાંપડી. સહુની હૂંફ અને સેવા તેમજ સહકાર મળતો રહ્યો જેના કારણે હું આજે હરતો ફરતો થયો. ઢળતી ઉંમરે જ્યારે શરીર પણ સાથ છોડવા મથતું હોય એવા ટાણે એક પરિવારના સ્વજનની જેમ દિવસ-રાત મારી સેવા કરી. એવા અનેક આત્મીયજનો છે. કેટકેટલાંના નામ લખું ? છતાં સતત નિરંતર જેણે મારી સેવાચાકરી કરી છે અને જેમના કારણે મારો પુનર્જન્મ થયો એવાં કેટલાંક આત્મીયજનોનું સ્મરણ મારા હૃદયમાં સતત ધબકે છે.

ડૉ. વિનીત મિશ્રા, ડૉ. પ્રાંજલ મોદી, શ્રી સી.આર. પાટીલ, શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી પ્રદીપસિંહ વાઘેલા, શ્રી હર્ષ સંઘવી,મનોજભાઈ ગઢવી, કાનજીભાઈ ગઢવી, રાહુલભાઈ ગોર, તાપસભાઈ શાહ, પંકજભાઈ ચૌધરી, ખોડીદાસભાઈ પટેલ, ડૉ. ચિંતનભાઈ ચૌધરી, ડૉ. જય પટેલ, યોગેન્દ્ર પટેલ,

Scanned with CamScanner

પ્રશાંત જોષી, હેમંતભાઈ પટેલ, પ્રતીક મોદી, વિશાલભાઈ પટેલ, કપિલભાઈ શાહ, ડૉ. પ્રદ્યુમ્ન વાજા, હર્ષભાઈ પટેલ, નૈતિકભાઈ પટેલ, મહેશભાઈ ચૌધરી, બાલાજી રાજે, ચિન્મય કાળે. ડૉ. સંજય જોશી, ડૉ. શાંતનુ ચૌધરી, કુણાલ શાહ, શાયર રાવલ.

આ ઉપરાંત બીજાં પણ એવાં અનેક નામી-અનામી સ્વજનો છે જેમણે મને રૂબરૂ મળીને અથવા ટેલિફોનથી વાત કરીને મારો આત્મવિશ્વાસ વધાર્યો છે.

આ સહુ સ્વજનોના સ્નેહથી ગદ્ ગદ્ થઈને એમની લાગણી બદલ આજીવન ઋણી રહીશ.

સહુને નતમસ્તકે નમન કરું છું.

**દિલીપ દેશમુખ**

Scanned with CamScanner

# સંપાદકીય

'દાદા'ના હુલામણા નામે જાણીતા દિલીપભાઈ દેશમુખ...

દિલીપભાઈને મેં કચ્છના ભયાનક ભૂકંપ સમયે રાત-દિવસ દોડતા જોયા છે. લોકોની સેવા કરતા જોયા છે. મોતને હથેળીમાં લઈ લોકોના જીવ બચાવતા જોયા છે.

એવો ઉત્સાહ.... ઉમંગ...આત્મવિશ્વાસ... અને થનગનાટથી છલોછલ વ્યક્તિને હૉસ્પિટલના બિછાને સૂતેલી જોવી એ મારા માટે કેટલી પીડાદાયક ક્ષણો હતી! એને શબ્દોમાં વર્ણવવી બહુ કઠીન છે.

વળી, જે વ્યક્તિ નિરંતર દોડતી જ રહેતી હોય-**'चरैवेति...चरैवेति'** અર્થાત્ 'ચાલતા રહો' - એ જ જેનો જીવનમંત્ર હોય એને તમે મહિનાઓ સુધી ચાર દીવાલની વચ્ચે કેદ કરી દો તો એની કેવી હાલત હોય!

જે માણસ એકધારા લોકસંપર્ક અને લોકપ્રેમને વરેલો હોય એને માત્ર આઠ ચહેરાની સામે જ મહિનાઓ સુધી રહેવું પડે તો એની મનોદશા કેવી હોય!

પણ એ હકીકત છે.

દિલીપભાઈ લિવરની મહાભયાનક બીમારીનો ભોગ બન્યા. પણ દિલીપભાઈની જો કોઈ સૌથી મોટી તાકાત હોય તો એ છે એમનું જબરજસ્ત આત્મબળ... આત્મવિશ્વાસ...

આત્મબળ અને આત્મવિશ્વાસ એક એવી દૈવી શક્તિ છે જેના બળે ભલભલી મુશ્કેલીઓ પર વિજય મેળવી શકાય છે...

આત્મબળ અને આત્મ વિશ્વાસ :

આ બે ગુણ ઉપરાંત દેવદુર્લભ એવા કાર્યકર્તાની મૂડી પણ એમની સાથે હતી. ભગવાનના પ્રતિનિધિસમા ડૉક્ટર્સ એમને મળ્યા અને આ બધાની સાથે હતો સુરતનો ચોવીસ વર્ષનો યુવાન મહર્ષ પટેલ.... જેણે પોતાના શરીરમાંથી મુક્ત થતાં પહેલા દિલીપભાઈને લિવર ડૉનેટ કરી પુનર્જન્મ આપ્યો.

ફરી દિલીપભાઈ એ જ ઉત્સાહ... ઉમંગ...આત્મવિશ્વાસ... અને થનગનાટથી છલોછલ આપણી વચ્ચે છે... આજે હવે એમને રમરમાટ સાયકલ ચલાવતા જોઈએ તો આપણી ભીતર પણ હરખની હેલી ઊઠે...

અંગદાનની જાગૃતિ અંગે એમના સંકલ્પને ફળીભૂત કરવાના નિર્ધાર સાથે,

નવા અવતાર લઈને આવેલા દિલીપભાઈનું

**स्वागतम्... स्वागतम्... स्वागतम्... स्वागतम्...**

- કિશોર મકવાણા

Scanned with CamScanner

# મારી ટ્રાન્સપ્લાન્ટ યાત્રા

• દિલીપ દેશમુખ

જાહેર જીવનમાં રહ્યો તેમાં ખૂબ પ્રવાસ કર્યા, અનેક લોકોને મળવાનું થયું, દોડાદોડી થઈ, ઉજાગરા થયા, પણ એ પ્રવૃત્તી દરમ્યાન ક્યારેય થાક અનુભવાયો નહોતો. એવામાં એકવાર અચાનક મને પગમાં સોજા આવવા લાગ્યા, શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી છતાં મારા સ્વભાવ પ્રમાણે હું તે દર્દને અવગણતો રહ્યો. મારી લાપરવાહીને લીધે પાછળથી તકલીફ વધવા લાગી. પેટમાં પાણી ભરાય, ખાવા-પીવાની ઈચ્છા ના થાય અને આંખમાં લોહી આવે અને આંખ લાલ-લાલ થઈ જાય તેવી સમસ્યાઓ નડવા લાગી હતી. થોડોક પણ ખોરાક લઉં તો બ્લીડિંગ થવાની શક્યતા રહેતી હતી.

પરિસ્થિતિ કાબૂ બહાર જશે એવો અંદેશો આવ્યો કે તરત મેં મારા ભુજના પરિચિત ડૉક્ટર મુકેશ ચંદેનો સંપર્ક કર્યો. તેમણે મારી કેટલીક ફરિયાદો સાંભળી અને સંપૂર્ણ બોડી ચેકઅપ કરાવવાની સલાહ આપી અને તરત બીજા દિવસની એપોઈન્મેન્ટ પણ ગોઠવી આપી. ભુજમાં જ લેઉઆ પટેલ હૉસ્પિટલમાં બીજા દિવસે શ્રી અખિલેશ અંતાણી પાસે બોડી ચેકઅપ માટે ગયો. બોડી ચેકઅપના અંતે લિવર સિરોસિસનું નિદાન થયું. ડૉ. સુરેશ હિરાણીએ આ બીમારીના તાત્કાલિક ઈલાજ તરીકે થોડી દવા, પરેજી અને કાયમી ઈલાજ માટે લિવર ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપી. મારા માટે તે બધી વાતો સાવ નવી હતી.

ડૉક્ટર હિરાણીએ મને સાદી ભાષામાં સમજાવતા કહ્યું કે, મને લિવર પર અસર કરતા વાયરસનો ચેપ લાગ્યો છે. આ કારણે મારા લિવરની કામ કરવાની ક્ષમતા ઓછી થઈ ગઈ છે અને લાગે છે કે, મારી સમસ્યાનો કાયમી ઈલાજ લિવર ટ્રાન્સપ્લાન્ટ જ છે.

લિવર ટ્રાન્સપ્લાન્ટની દિશામાં આગળ વધવું મારા માટે એક માત્ર વિકલ્પ હોવાથી મેં લિવર સંલગ્ન તમામ રિપોર્ટ કરાવ્યા અને ડૉ. મુકેશ ચંદેને રિપોર્ટ બતાવ્યા.  થોડા દિવસ ત્યાંજ દવા ચાલુ રાખી. પણ ઈચ્છિત પરિણામ મળતું



Scanned with CamScanner





Scanned with CamScanner

નહોતું. એટલે એમણે મને અમદાવાદ ઝાયડસ હૉસ્પિટલમાં ડૉ. નિલય મહેતાને મળવાની સલાહ આપી. ૨૭ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ ઝાયડસ હૉસ્પિટલમાં ડૉ. નિલય મહેતાને મળવાનું થયું. બીજા દિવસે ટેપિંગ કરીને પેટમાંથી પાણી કાઢવા માટે ભલામણ કરી. લગભગ ૬ કલાકની ટેપિંગની પ્રક્રિયા બાદ પેટમાંથી આશરે ૯ લિટર જેટલું પાણી કાઢી મને રજા આપવામાં આવી.

પેટમાંથી પાણી દૂર થતા સારું લાગતાં ભૂજ જવા હું રવાના થયો ત્યારબાદ લગભગ ૧૫ દિવસ ભુજ રહેવાનું થયું. દરમિયાન ગાયનેકોલોજિસ્ટ અને મારા પરમ મિત્ર ડૉ. ચંદ્રકાંતભાઈ ઠક્કર મારી ખબર કાઢવા આવ્યા. તેમણે કહ્યું કે, પેટ જાદુઈ પટારો છે એ આપણી જોડે વાત કરતું હોય છે. તમને અત્યાર સુધી કેમ ખ્યાલ આવ્યો નહીં? બીજી તરફ મારા સ્નેહી શંકરભાઈ ચૌધરી સાથે પણ સંવાદ ચાલી રહ્યો હતો. તેમણે લિવરની સારવાર કરી શકે એવા શ્રેષ્ઠકક્ષાના ડૉક્ટર્સ પાસે મારા માટે સલાહ લીધી હતી. જેમાં અમદાવાદની કિડની હૉસ્પિટલના ડૉ. પ્રાંજલ મોદીનું નામ સવિશેષ ધ્યાનમાં આવ્યું હતું.

૧૮-૧૯ ફેબ્રુઆરી આસપાસ અમદાવાદ ફરી તપાસ માટે આવવાનું થયું. ૨૦ ફેબ્રુઆરીએ અમદાવાદ સિવિલ હૉસ્પિટલ કેમ્પસ સ્થિત કિડની ઈન્સ્ટિટ્યૂટ IKDRCમાં ડૉ. પ્રાંજલભાઈ મોદીને મળવાનું થયું. ડૉ. પ્રાંજલભાઈ મોદી સાથે મારી આ પહેલી મુલાકાત હતી જેમાં હું, રાહુલભાઈ ગોર અને શંકરભાઈ ચૌધરી અમે ત્રણેય ડૉ. પ્રાંજલ મોદીને મળ્યા અને સમગ્ર સારવાર અંગેની ઊંડાણપૂર્વકની માહિતી મેળવી હતી.

ડૉ. મોદી સાથેની પ્રથમ મુલાકાતમાં જ લિવર સિરોસિસ બીમારી અંગેની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો હતો. એ દરમિયાન રસપ્રદ કિસ્સો બન્યો, મને તરસ લાગી હતી અને હું ડૉક્ટર સમક્ષ પાણીની માંગણી કરું તે પહેલાં તેમણે મને કહ્યું કે, સામે પડેલું પાણી તમારા માટે ઝેર છે. તમારે હવે પછી એક દિવસમાં



Scanned with CamScanner





Scanned with CamScanner

મહત્તમ એક લિટર પ્રવાહી લેવાનું છે. મને થયું કે, એક દિવસમાં ફક્ત એક લિટર પ્રવાહી લઈને કેવી રીતે જીવી શકાય? ખાવામાં પણ ડૉક્ટર તરફથી સખત પરેજી રાખવાની સલાહ મળી ગઈ.

ખાવાની બાબતમાં હું ખૂબ શોખીન, પરંતુ હવે તો ડૉક્ટરે આખા દિવસમાં માત્ર બે ગ્રામ મીઠું ખાવાની છૂટ આપી હતી. ડૉક્ટરને મારા લિવર સિરોસિસનું કારણ જાણવામાં રસ હતો. તેમણે મને કારણ પૂછતાં મે જવાબ આપ્યો કે આમ થવા પાછળ હું અને માત્ર હું એક માત્ર જવાબદાર છું. મારી બેદરકારીના કારણે આ તબક્કો આવ્યો છે. ડૉક્ટર મોદીએ મને તરત દાખલ થવાની સલાહ આપી અને સાથેસાથે લિવર ટ્રાન્સપ્લાન્ટ જ એક માત્ર રસ્તો હોવાનું જણાવ્યું. હું હૉસ્પિટલમાં દાખલ થયો એની જાણ થઈ એટલે સી. આર. પાટીલ, હર્ષ સંઘવી, પ્રદીપસિંહ વાઘેલા સહિતના સ્નેહીઓ હૉસ્પિટલ આવી પહોંચ્યા હતા. કિડની હૉસ્પિટલના ડૉ. વિરેન ત્રિવેદી અને બી.જે.મેડિકલ કૉલેજના ડૉ. વિજય પટેલ ત્યાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

બીજા દિવસથી મારી લિવર ટ્રાન્સપ્લાન્ટ યાત્રા શરૂ થઈ હતી. હવે ટ્રાન્સપ્લાન્ટ પહેલાંના રિપોર્ટ કરાવાનો દોર શરૂ થયો હતો. જેમજેમ રિપોર્ટ થતા જતા હતા તેમ તેમ હું ટ્રાન્સપ્લાન્ટ માટે ઉત્સુક થઈ રહ્યો હતો ત્યારે ડૉ. પ્રાંજલભાઈ મોદીએ મને મહત્ત્વની વાત સમજાવી કે, 'આ ૨૦-૨૦ ક્રિકેટ મેચ નથી ટેસ્ટ મેચ છે.' તમારે આ બીમારીમાં ધીરજ રાખવી પડશે.'

૨૦ દિવસની સારવાર બાદ મને હૉસ્પિલમાંથી રજા મળી. હું મારા પરમ સ્નેહી હેમંતભાઈ પટેલના બોપલ સ્થિત નિવાસસ્થાને ગયો. જો કે દર ચાર દિવસે આલ્બ્યુમિનનો ડોઝ લેવા સિવિલ હૉસ્પિટલ તો જવાનું થતું જ હતું. સિવિલમાં અવરજવર ચાલી રહી હતી તે દરમિયાન ખૂબ ગંભીર કહી શકાય એવી પરિસ્થિતિ સર્જાઈ હતી.



Scanned with CamScanner





Scanned with CamScanner

હું સિવિલથી પરત બોપલ આવ્યો ત્યારે અચાનક મને પહેરેલાં કપડાં ભીના થયા હોવાનું માલુમ પડ્યું. મને લાગ્યું કે, મારી ધ્યાનબહાર પેશાબ થઈ ગયો કે શું? મને ખરેખર આંચકો લાગ્યો, પણ હકીકતમાં તે પાણી મારી દૂંટીની બાજુમાં પડેલા કાણામાંથી બહાર આવી રહ્યું હતું, જે ખૂબ પીડાદાયક હતું. થોડો સમય હું અને ત્યાં હાજર તમામ લોકો ગભરાઈ ગયા હતા. અમારી વચ્ચે ઉપસ્થિત ડૉ. ચિંતન ચૌધરીએ તરત જ ડૉ. મુકેશભાઈ ચંદે સાથે વાત કરી સમગ્ર ઘટના જણાવી હતી. ડૉ. મુકેશભાઈએ તાત્કાલિક પેટ પર પાટો બાંધવાની સલાહ આપતાં તે મુજબ કરવામાં આવ્યું હતું. પેટમાં રહેલા પાણીના ભરાવાથી પાટો તરત ભીનો થઈ જતો હતો અને પેટ ઉપર ટકતો નહોતો. મારા માટે આખી રાત ખુલ્લી આંખે પસાર કરવી ખૂબ મુશ્કેલ બની હતી. મારી સાથે ડૉ. ચિંતન ચૌધરી અને પંકજ ચૌધરી પણ આખી રાત જાગતા રહ્યા અને પેટમાંથી નિકળતા પાણીને સતત સાફ કરતા રહ્યા.

ચિંતાતુર દશામાં એ રાત ખરેખર બધાને બહુ લાંબી લાગી હતી. ઉચાટની વચ્ચે બધા સવાર પડવાની રાહ જોઈ રહ્યા હતાં. પહેલીવાર એવું થયું કે મારે ચાલતા નહીં પણ સ્ટ્રેચર પર હૉસ્પિટલ જવું પડ્યું. હૉસ્પિટલ પહોંચતાં મને રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યો અને પેટમાંથી પાણી નિકળતું હતું ત્યાં બે રૂપિયાનો સિક્કો મૂકી પટ્ટી મારી દીધી જે લગભગ આઠ દિવસ સુધી બાંધી રાખવી પડી હતી. જીવનમાં પહેલી વખત આઠેઆઠ દિવસ મારે તમામ દૈનિક ક્રિયાઓ બેડ ઉપર સૂતાંસૂતાં કરવી પડી હતી. જે મારા માટે માનસિક તકલીફ આપનારી હતી. આ દરમિયાન પંકજભાઈ ચૌધરી અને ખોડીદાસ પટેલે મારી ખૂબ સેવા કરી હતી.

લિવર ફેલ્યોરના કારણે ડૉક્ટર્સના કહ્યા મુજબ મારી રોગપ્રતિકારક શક્તિ ઘણી ઓછી થઈ ગઈ હતી અને બીજી તરફ વૈશ્વિક મહામારીના કારણે અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમણના દર્દીઓ પણ વધી રહ્યા હતા. આ કારણે કિડની હૉસ્પિટલને પણ સરકારે કોવિડ હૉસ્પિટલમાં ફેરવાનો નિર્ણય કર્યો હતો. આ સંજોગોમાં કિડની હોસ્પિટલમાં દાખલ તમામ દર્દીઓને રજા આપવામાં



Scanned with CamScanner



ડૉ. વિનીત મિશ્રા અને ડૉ. પ્રાંજલ મોદી





Scanned with CamScanner

આવી રહી હતી. હું પણ ત્યાંથી રજા મેળવી બોપલ ખાતે આવેલી ડૉ. ચિંતન અગ્રવાલની 'સરસ્વતી હૉસ્પિટલ'માં દાખલ થયો. અહીં દાખલ થવા માટેનું એક માત્ર કારણ ડૉક્ટર્સના નિરીક્ષણ વચ્ચે આઈસોલેટ રહેવાનું હતું. સરસ્વતી હૉસ્પિટલમાં હું જેટલો સમય દાખલ રહ્યોં તેટલો સમય મારા અને મારી સાથે સંભાળ માટે રહેનાર કાર્યકર્તાના ભોજનની વ્યવસ્થા પ્રદીપસિંહ વાઘેલાના ઘરેથી કરી હતી.

સરસ્વતી હૉસ્પિટલમાં મારા રોકાણ દરમિયાન પેટના પાણીની સમસ્યા હળવી થઈ પણ બીજી તરફ સારણગાંઠના કારણે મારા પેટમાં સતત દુઃખાવો રહેતો હતો. આ પીડા પણ ખૂબ જ કષ્ટદાયક હતી. ડૉક્ટર્સ પણ અસમંજસમાં હતા કે સારણગાંઠનું ઓપરેશન પહેલા કરવું કે લીવર ટ્રાન્સપ્લાન્ટ થયા સુધી રાહ જોવી! જોકે ડૉ. મોદીનો સ્પષ્ટ અભિપ્રાય ટ્રાન્સપ્લાન્ટ પહેલાં અન્ય કોઈ સર્જરી કરવાનો નહોતો. એક તરફ સારણગાંઠની પીડા હતી તો બીજી તરફ લીવર મેળવવા બાબતની અનિશ્ચિતતા હતી.

લિવર ઓટોજનરેટ ઓર્ગન છે તેથી કોઈ પણ જીવંત વ્યક્તિ પણ પોતાનું લિવર દાન કરી શકે. મારા સમક્ષ પરિવાર અને મિત્ર વર્તુળમાંથી અનેક લોકોએ ખરા હૃદયથી લિવર આપવાની તૈયારી બતાવી હતી, પરંતુ હું મારા જીવન માટે અન્ય કોઈ જીવંત વ્યક્તિનું અંગ મેળવવાના મતનો નહોતો. મેં નક્કી કર્યું હતું કે, 'કોઈ બ્રેનડેડ વ્યક્તિનું લિવર મળશે તો જ લિવર ટ્રાન્સપ્લાન્ટ કરાવીશ'.

લિવર મેળવવા માટે ફેબ્રુઆરી મહિનામાં જ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. હવે પ્રતીક્ષા જ એક માત્ર ઉપાય હતો. પ્રતીક્ષાના આ સમયગાળા દરમિયાન સમગ્ર ગુજરાતમાંથી ઘણા મિત્રો અને શુભચિંતકો મળવા માટે આવતા હતા. સર્વશ્રી શ્રી  સી.આર.પાટીલ, શંકરભાઇ ચોધરી, પ્રદીપસિંહ વાઘેલા, હર્ષભાઇ સંઘવી, ભાર્ગવભાઇ ભટ્ટ, કે.સી.પટેલ, ભગીરથભાઇ દેસાઇ, સત્યમજી, કિશોરભાઇ મકવાણા, કનુભાઇ વ્યાસ વગેરે હૉસ્પિટલ વારંવાર મુલાકાત માટે આવતા અને



Scanned with CamScanner



પળે પળ ચિંતા કરતા બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી

આ કપરાકાળમાં હૂંફ આપતા. અહીં ઉલ્લેખનીય છે કે, હૉસ્પિટલ ખાતેના રોકાણ દરમિયાન સમગ્ર ગુજરાતમાંથી અને ખાસ કરીને કચ્છ, સુરત અને ઉત્તર ગુજરાતમાંથી અનેક મિત્રો મુલાકાત માટે આવ્યા. સૌનો ઉલ્લેખ કરવો શક્ય નથી, પણ આ તબક્કે હું સૌનો હૃદયપૂર્વક ઋણ સ્વીકાર કરું છું. ૩૧ મે-૨૦૨૦ના રોજ સરસ્વતી હૉસ્પિટલ ખાતે કેટલાક સહૃદયમિત્રો એકઠા થયા.

સૌએ કોરોનાકાળમાં કરેલ કામગીરીના અનુભવોની આપ-લે કરી. મારા મનમાં કેટલાક સમયથી અંગદાન સંબંધે લોકોમાં જાગૃતિ આવે તે માટેની કામગીરી કરવાનો વિચાર ચાલી રહ્યો હતો. કેટલાક મિત્રો સાથે આ અંગે મેં ચર્ચા પણ કરી હતી. ઉપસ્થિત મિત્રો વચ્ચે આ વાત કરતા સૌએ મારી વાતને સમર્થન આપ્યું હતું તથા આગામી દિવસોમાં અંગદાન કાર્યક્રમને રાજ્યમાં વેગવંતો બનાવવા અંગે નિર્ધાર કર્યો હતો. સરસ્વતી હૉસ્પિટલમાં સતત દવાઓ, ઈન્જેક્શન, નર્સિસ અને ડૉક્ટર્સની વચ્ચે સામાજિક કામનો વિચાર પણ સતત મનમાં ઘોળાતો રહ્યો અને તે દિવસે કરેલ વિચાર વધુને વધુ દૃઢ થયો.



Scanned with CamScanner

૧૫ જૂન આસપાસ કિડની હૉસ્પિટલમાંથી ફોન આવ્યો અને મને બીજા દિવસે લિવર ટ્રાન્સપ્લાન્ટ માટે તૈયાર રહેવા સૂચના મળી. હૉસ્પિટલમાંથી ફોન આવતાંની સાથે મારા ધબકારા વધી ગયા હતા કારણ કે, ડૉક્ટર્સની પહેલેથી ચેતવણી હતી જ કે લિવરનું ઓપરેશન ખૂબ જ જોખમી હોય છે. જેનું પરિણામ કંઈ પણ આવી શકતુ હોય છે. તેમ છતાં લિવર ટ્રાન્સપ્લાન્ટ એક માત્ર વિકલ્પ હતો એટલે જોખમ લીધા વગર કોઈ છૂટકો પણ નહોતો. તે દિવસે રાત્રે ૧૦ વાગ્યા બાદ ડૉક્ટર્સએ કંઈજ ખાવું-પીવું નહીં તેવી સૂચના આપી હતી. એનું મેં ચૂસ્તપણે પાલન કર્યું હતું. સવાર પડે તેની અધિરાઈથી રાહ જોઈ રહ્યો હતો. ઘડિયાળમાં સવારના સાત વાગ્યા તો પણ હૉસ્પિટલમાંથી કોઈ ફોન આવ્યો નહીં ત્યારે બેચેન હૃદયે મેં સામેથી હૉસ્પિટલ પહોંચવા અંગે પૂછપરછ કરતાં હૉસ્પિટલ સત્તાવાળાઓએ કહ્યું કે, તમારું ટ્રાન્સપ્લાન્ટ થવાનું હતું તે રદ્દ થયું છે માટે જો તમે ખાવા-પીવાનું બંધ કર્યું હોય તો ચાલુ કરી દેજો. સામેવાળાની વાત સાંભળી હું સમજી ગયો કે, મારે હજી વધુ પ્રતીક્ષા કરવાની છે. આ પ્રકારના અનુભવ મને બે વખત થયા અને જ્યારે મને ત્રીજી વખત સર્જરી માટે તૈયાર રહેવા સૂચના મળી ત્યારે અનિશ્ચિતતા માટે હું ટેવાઈ ચૂક્યો હતો.

સારણગાંઠનો દુઃખાવો અસહ્ય થતાં સરસ્વતી હૉસ્પિટલના ડૉક્ટર્સએ ઓપરેશનની તૈયારી શરૂ કરી હતી. આ દરમિયાન કિડની હૉસ્પિટલના ડૉક્ટર્સ સાથે વિમર્શ કરતા તેમણે મને કિડની હૉસ્પિટલમાં આવી જવા કહ્યું હતું. બીજી જુલાઈની સવારે હું કિડની હૉસ્પિટલમાં દાખલ થયો એની સાથે જ ડૉ. પ્રાંજલ મોદીએ લિવર ટ્રાન્સપ્લાન્ટ પહેલાં કોઈ પણ પ્રકારની બીજી સર્જરી કરવાની સ્પષ્ટ ના પાડી દીધી અને સાથેસાથે આશ્વાસન આપ્યું કે, ટૂંક સમયમાં તમારું લિવર ટ્રાન્સપ્લાન્ટ થઈ જશે.

હવે વળી મારા ભાગે પ્રતીક્ષા હતી. એ જ સવાર પડે ને ડૉક્ટર-નર્સ ચેકઅપ કરવા આવે, શુભેચ્છકો મળવા આવે અને લાંબા સંવાદો થયા કરે. આ દરમિયાન મને યાદ છે કે, મારા ઘણા શુભેચ્છકોએ મને ટૂંકી વાર્તા, ગીતો, સુવિચારો, સુભાષિતો, કવિતાઓ, પ્રેરણાદાયી વીડિયો સહિતની ઘણી



Scanned with CamScanner

યાદગાર સામગ્રી મોકલી હતી. જે મને સમયનો સદ્‌ઉપયોગ કરવા મદદરૂપ બની. આ દરમિયાન કિડની હૉસ્પિટલ મને મારા ઘર જેવી જ લાગતી હતી, એ ઉપરાંત ડૉક્ટર પ્રાંજલ મોદી સાથેનો મારો સંબંધ માત્ર દર્દી અને ડૉક્ટરનો ન રહેતાં અમે આત્મીયતાના તાંતણે બંધાયા હતા. કદાચ એટલે જ ડૉ. મોદી વ્યસ્ત હોવા છતાં મારા માટે સમય કાઢી અચૂક મળવા આવતા હતા અને તેમના જીવનની મહત્ત્વની ઘટનાઓ અને અનુભવો મારી સમક્ષ મુક્તપણે વ્યક્ત કરતા હતા.

એક વખત ડૉ. મોદીએ તેઓ કેવી રીતે મહામુસિબતે એડવાન્સ રોબોટિક સર્જરીનું નોલેજ લેવા અમેરિકા પહોંચ્યા અને ત્યાં જઈ સર્જરી શિખવા કેટકેટલા સંઘર્ષ કરવા પડ્યા! તેની વિગતે વાત કરી. રોજેરોજની મુલાકાતમાં એક દિવસ ડૉ. મોદીએ મને પૂછ્યું કે, 'દાદા' તમારી વાત કેટલા લોકો સાંભળીને અમલમાં મૂકે? મેં કહ્યું લગભગ ૧૦૦ તો ખરા જ, તરત જ ડૉ. મોદીએ આ તમામ લોકોને અંગદાન વિશે જાગૃતિના કામમાં જોડવા જણાવ્યું. આ સમયે મેં સસ્મિત ઉત્તર આપ્યો કે જો થર્ડ ઈનીંગની મને તક મળશે તો ચોક્કસ આ કામ હાથ પર લઈશ. આ સંવાદે મારા મનમાં ચાલતા વિચારને દૃઢ સ્વરૂપ આપ્યું અને હું મનોમન અંગદાન વિષયમાં કામ કરવા સકલ્પબદ્ધ થયો.






Scanned with CamScanner

આખરે કિડની હૉસ્પિટલના ડાયરેક્ટર ડૉ. વિનીત મિશ્રા સાહેબ સાથે ૯ જુલાઈની સાંજે વાત થયા બાદ મારી પ્રતિક્ષાનો અંત આવતો હોવાનું મને લાગ્યું. મારા શરીર પર આટલી મોટી સર્જરી થવાની હતી તેમ છતાં ૧૦ તારીખની સવારે મારા ચહેરા પર કોઈ જ પ્રકારની ચિંતા, ભય કે શંકા નહોતાં. કારણ કે મને ઈશ્વર અને ડૉક્ટર્સ પર સંપૂર્ણ ભરોસો હતો. સવારે ૭.૩૦ કલાકે મેં સ્નાન કર્યું અને ત્યારબાદ મને પ્રિ-ઓપરેટિવ રૂમમાં લઈ ગયા અને ડૉક્ટર્સએ ઓપરેશન થિયેટરમાં સર્જરીની તૈયારી આરંભી.

હું ભાનમાં હતો ત્યારે છેલ્લી વખત ડૉ. મોદી મને પ્રિ-ઓપરેટિવ રૂમમાં મળવા આવ્યા અને મારા આશ્ચર્ય વચ્ચે અચાનક મને પગે લાગ્યા અને મારા જ ઓપરેશનના સફળ થવા માટે મારી પાસે આશીર્વાદ માગ્યા હતા.

નિયમ મુજબ સર્જરી સમયે દર્દીના જીવના જોખમ સંબંધે સગાસંબંધીએ જવાબદારી સ્વીકારવાની હોય છે. મારા કિસ્સામાં યોગેન્દ્રભાઈ પટેલે એક પણ ક્ષણનો વિલંબ કર્યા વગર ઓપરેશન દરમિયાનના તમામ પ્રકારના જોખમની જવાબદારી સ્વીકારી અને સહી કરી હતી.

સવારે ૧૦.૩૦ કલાકે એક તરફ હું ઓપરેશન ટેબલ પર બેભાન અવસ્થામાં હતો અને બીજી તરફ મારા માટે લિવરને સુરતથી અમદાવાદ લાવવાની કવાયત ચાલી રહી હતી. મારે આ પ્રસંગે મને લિવરનું દાન આપનાર ૨૪ વર્ષીય મહર્ષ પટેલ અને પરિવારને કેવી રીતે ભૂલી શકાય! જેણે મને જીવતદાન આપ્યું. આ પરિવારનો હું આજીવન ઋણી રહીશ.

ટૂંકમાં કહું તો મારી થર્ડ ઈનિંગ માટે મહર્ષ પટેલ દેવદૂત સાબિત થયો છે. અંગો પ્રાપ્ત કરનાર મારા જેવી ચાર વ્યક્તિઓના દેહમાં મહર્ષની ચેતના આજે પણ ધબકી રહી છે.

સુરતની સ્વયંસેવી સંસ્થા ડોનેટલાઈફના સ્થાપક શ્રી નિલેશભાઈ માંડલેવાળાએ રોડ અકસ્માતમાં બ્રેનડેડ મહર્ષ પટેલના પરિવારને અંગદાન માટે



Scanned with CamScanner



**થર્ડ ઇનિંગ્સ પ્રારંભ કરવામાં જેમની બહુ મોટી શુભકામના મારી સાથે રહી છે એવા ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલજી**

પ્રેરણા આપી હતી. અમદાવાદ કિડની હૉસ્પિટલના ડૉક્ટર્સની ટીમ ઓર્ગન પ્રોક્યોરમેન્ટ માટે સુરત જવા રવાના થઈ અને બે કિડની અને લિવર લઈ અમદાવાદ પહોંચી હતી. ૨૬૮ કિમીનો ગ્રીનકોરિડોર બનાવી અંગોને સુરતથી કિડની હૉસ્પિટલ, અમદાવાદ ખાતે માત્ર ત્રણ કલાકમાં પહોંચાડવામાં આવ્યા હતા. આ ભગીરથ કાર્યમાં 'ડોનેટ લાઈફ' સંસ્થા તેમજ સરકારી તંત્રની અગત્યની ભૂમિકા રહી હતી.

સવારે ૧૧ કલાકે શરૂ થયેલી લિવર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા મોડી રાત્રે એક વાગ્યે પૂરી થઈ હતી. આમ આશરે ૧૩થી ૧૪ કલાક સુધી સર્જરી ચાલી હતી. આ દરમિયાન મારા અનેક શુભેચ્છકો ફોન ઉપર મારી સર્જરી બાબતની અપડેટ મેળવી રહ્યા હતા. બીજી તરફ ડૉ. પ્રાંજલ મોદી પણ સમયાંતરે ઓપરેશન થિયેટરમાંથી બહાર આવી સર્જરીના પ્રોગ્રેસ વિશે સતત માહિતી આપી રહ્યા હતા. કિડની હૉસ્પિટલના ડાયરેક્ટર ડૉ. વિનીત મિશ્રા પણ ઓપરેશન પૂરું થયું ત્યાં સુધી ખડે પગે ઉપસ્થિત રહ્યા હતા. મારા મિત્રો એવા શંકરભાઈ ચૌધરી, પ્રદિપસિંહ વાઘેલા, પંકજભાઈ ચૌધરી, હર્ષ સંઘવી, ડૉ. પ્રદ્યુમ્ન વાજા,



Scanned with CamScanner

યોગેન્દ્રભાઈ પટેલ, ખોડીદાસ પટેલ, શાયર રાવલ, વિશાલ પટેલ, યશરાજ કટિયારે અને હસમુખભાઈ દવે ઓપરેશન દરમિયાન હૉસ્પિટલમાં હાજર રહ્યા હતા. જેમ જેમ ઓપરેશનના કલાકો પસાર થઈ રહ્યા હતા તેમ તેમ હાજર તમામ મિત્રોની ચિંતામાં પણ સ્વાભાવિક વધારો થઈ રહ્યો હતો. મોડી રાત્રે આખરે ઓપરેશન સફળ થયાના સમાચાર ડૉ. મોદીએ આપ્યા ત્યારે મારા મિત્રોને હાશકારો થયો હતો. મિત્રોના જણાવ્યા અનુસાર ઓપરેશન થિયેટરમાંથી મને આઈસીયુમાં શિફ્ટ કરવામાં આવ્યો હતો. ૧૦મી જુલાઈ સવારે ૧૧ કલાકે મને એનેસ્થેસિયા આપ્યા બાદ તારીખ ૧૧મી જુલાઈ સવારે ૯ કલાકે મને ભાન આવ્યું હતું અને મારો નવો જન્મ થયો હોવાનો અહેસાસ થયો હતો.

કિડની હૉસ્પિટલ ખાતેની મારી સારવાર દરમિયાનના કેટલાક એવા યાદગાર પ્રસંગો છે, જે મને જલદીથી સાજા થવામાં મદદરૂપ થયા. એમાં એક આત્મીય હૂંફ હતી.

ડૉ. પ્રાંજલભાઈ મોદી. તેઓ પોતાના કામ પ્રત્યે ખૂબ જ નિષ્ઠાથી સતત કાર્ય કરતા રહે છે. એક વાર તો એવો સંજોગ બન્યો કે તેમનો દીકરો બીમાર હતો. તો પણ ડૉ. મોદી  હૉસ્પિટલમાં પોતાના રોજિંદા કામમાં જ હતા. મને મારી બીમારી દરમિયાન કોઈ તકલીફ થાય અથવા તો કોઈ મૂંઝવણ થાય તો ડૉ. પ્રાંજલભાઈ મોદી મારી સમગ્ર વાત ધ્યાનથી સાંભળતા અને ખૂબ જ ટૂંકમાં મારી ચિંતા દૂર કરતા. ઘણીવાર એવું થાય કે પ્રાંજલભાઈ મોદીના આટલા વ્યસ્ત કાર્યક્રમમાંથી પણ તેઓ મને મળવા આવે ત્યારે અમારી વચ્ચે સંવાદ થાય અને તે દરમિયાન તેમની દર્દીઓ પ્રત્યેની લાગણીનો પ્રત્યક્ષ અનુભવ મેં કરેલો. અને આ મુલાકાતનો સમય પણ લગભગ રાત્રે ૮:૩૦ વાગ્યા પછીનો હોય એટલે તેઓ પોતાના ઘરે ક્યારે પહોંચતા હશે અને બીજા દિવસે આજ નિયમિત આવી રીતે પાછા હૉસ્પિટલ જાય આવી કેટલું સમર્પણ કહેવાય ?



Scanned with CamScanner



દિલીપભાઈને લિવર દાન આપનાર મહર્ષ પટેલ તેના પરિવાર સાથે...



ડૉ. પ્રાંજલભાઈ મોદી એ મને કહ્યું કે ડોક્ટર એચ. એલ. ત્રિવેદી સાહેબ મારા ગુરુ અને મારા માટે પૂજનીય વ્યક્તિ છે. આ સંસ્થાની શરૂઆતમાં અને સંસ્થાને આ ઊંચાઈએ લઈ જવામાં એમનો અમૂલ્ય ફાળો છે. મારા જીવનનું લક્ષ ડૉ. ત્રિવેદી સાહેબના માર્ગે ચાલીને દર્દીઓની સેવામાં કામ કરવાનું છે.

ડૉક્ટર પ્રાંજલભાઈ, ડૉક્ટર વિનીતભાઈ મિશ્રા તથા મારા સ્નેહીઓ અને મિત્રો સાથે સ્વ. ડૉક્ટર એચ. એલ. ત્રિવેદીના સમર્પણ ભાવની વાતો થતી ત્યારે બોપલ સ્થિત હેમંતભાઇ પટેલના નિવાસે ડૉક્ટર એચ.એલ.ત્રિવેદી સાહેબના જીવન પર લખાયેલ પુસ્તક 'એકલો જાને રે'નું વાંચન મિત્રો સાથે કર્યું અને આવા સેવાભાવી માણસના જીવનનો પ્રત્યક્ષ રીતે અનુભવ કર્યો. કેનેડાથી આવી અને ભારતમાં ઘણી તકલીફોની વચ્ચે અમદાવાદમાં ઈન્સ્ટિટયૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટરની સ્થાપના કરી, જેમાં અંગ પ્રત્યારોપણની શરૂઆત થઈ. આ સંસ્થા મારા જેવા લાખો દર્દીઓ માટે જીવનદાન આપનાર સાબિત થઈ છે. ડૉક્ટર ત્રિવેદી સાહેબને લાખ લાખ વંદન.

કિડની હૉસ્પિટલના ડાયરેક્ટર ડૉક્ટર વિનીતભાઈ મિશ્રા સાહેબ મને અવારનવાર મળવા આવતા અને મારી નાનામાં નાની જરૂરિયાતનું પણ વિશેષ ધ્યાન રાખતા અને પ્રેરણાદાયી સંવાદો કરતા. ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ અંતર્ગત ગુજરાત રાજ્યમાં કિડનીના દર્દીઓ માટે ઊભી કરવામાં આવેલી ડાયાલિસિસ વ્યવસ્થા અંગે પણ ડૉક્ટર મિશ્રા સાહેબે માહિતી આપેલી. આ દરમિયાન વૈશ્વિક મહામારીમાં કિડની હૉસ્પિટલ વતી ત્યાં દાખલ દર્દીઓ તેમજ દર્દીના સગાવહાલા માટે ડૉક્ટર મિશ્રા સાહેબે અંગત લાગણીથી સેવાકીય સંસ્થાઓના સહયોગથી નિશુલ્ક ભોજનની વ્યવસ્થાનું આયોજન કરેલું એ પ્રસંગ કેમ ભૂલાય ?

કિડની હૉસ્પિટલમાં ફરજ બજાવતા હસમુખભાઈ દવે પોતાના ઘરેથી મારા માટે તેમજ મારી સાથે રોકાયેલા કાર્યકર્તાઓ માટે નિયમિત ભોજન લઈને આવતા. આ પ્રસંગનો ઉલ્લેખ પણ આ ઘડીએ કરું છું.



Scanned with CamScanner



ડાબેથી કાનજીભાઈ, ડૉ. મુકેશભાઈ ચંદે, દિલીપભાઈ, રાહુલ ગોર અને તાપસ શાહ



યોગેન્દ્ર પટેલ, મહેશ ચૌધરી, મનોજ ગઢવી, પંકજ ચૌધરી, ખોડીદાસ પટેલ
જેમણે રાત દિવસ સેવા કરી છે.



Scanned with CamScanner

હૉસ્પિટલમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફ, સફાઈ કર્મચારી, સિક્યુરીટી સ્ટાફ તથા વ્યવસ્થામાં રોકાયેલા સૌ લોકો દ્વારા પોતાના સ્વજનની જેમ ખૂબ જ આત્મીયતા પૂર્વકનો વ્યવહાર જોવા મળ્યો.

હૉસ્પિટલથી નજીકમાં રહેતા વિશાલભાઈ પટેલ પોતાના ઘરેથી મારી જરૂરિયાત અનુસાર જે રીતે ડૉક્ટર પ્રાંજલભાઈએ સલાહ આપેલી તેમ મીઠું, મરચું અને તેલ વગર રાંધેલું ટિફિન લઈને આવતા અને તેમના પરિવારના સભ્યો પણ સતત મારી તબિયતની કાળજી રાખતા.

## ટ્રાન્સપ્લાન્ટ પછીનો આઠ મહિનાનો સમય

૧ ઓગસ્ટ ૨૦૨૦ ના દિવસે મને ઓપરેશન બાદ હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી. રજા લઈને અમે ગાંધીનગર આવ્યા. હું ડૉક્ટરની સલાહ અનુસાર ખોરાકમાં કાળજી અને નિયમિત દવા લેવાનું ચૂકતો નહીં. તારીખ ૫ ઑગસ્ટ, ૨૦૨૦ના રોજ અમે સૌ સાથે મળી અયોધ્યા ખાતે નિર્માણ પામનાર ભગવાન શ્રીરામના ભવ્યાતિભવ્ય મંદિરનો ભૂમિપૂજન કાર્યક્રમ ટીવી પર નિહાળ્યો.

મને જે દિવસે હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી ત્યારે ડૉક્ટર પ્રાંજલભાઈ મોદીએ એક અઠવાડિયા પછી લોહીના રિપોર્ટ કરાવીને WhatsApp ઉપર મોકલવા જણાવેલું. અમે રિપોર્ટ કરાવ્યા અને ડૉક્ટર પ્રાંજલભાઈ સાથે ચર્ચા કરી તો ડૉક્ટર સાહેબે કહ્યું કે રિપોર્ટ સારા છે. હવે બે અઠવાડિયા પછી ફરીથી રિપોર્ટ કરાવીને મોકલશો. તારીખ ૧૬ ઑગસ્ટના રોજ ફરીથી રિપોર્ટ કરાવ્યા અને ડૉક્ટર પ્રાંજલભાઈને મોકલ્યા. રિપોર્ટ જોઈને પ્રાંજલભાઈએ બીજા જ દિવસે કિડની હૉસ્પિટલ આવવા જણાવ્યું. ડૉક્ટર સાહેબે કહ્યું કે કિડનીની બાયોપ્સી કરવી પડશે.




Scanned with CamScanner

બીજા દિવસે તારીખ ૧૭ ઑગસ્ટના રોજ અમે કિડની હૉસ્પિટલ પહોંચ્યા ત્યાં મને રૂમની ફાળવણી થઈ. ત્યારબાદ ડૉક્ટર પ્રાંજલભાઈ મને મળવા માટે આવ્યા અને જણાવ્યું કે દાદા આપનું બિલીરૂબિન લેવલ વધારે આવે છે અને GGT લેવલ પણ વધુ છે. આના માટે આગળની તપાસ બે રીતે કરવી પડશે કારણકે મારે બે વસ્તુ જાણવી છે. એક તો લિવરની બાયોપ્સી કરવી પડશે. બાયોપ્સીથી પ્રત્યારોપણ લિવરનું રિજેક્શન છે કે કેમ એ જાણી શકાશે. બીજી શક્યતા છે કે પિત્તનળીમાં સંકોચન થયું હોઈ શકે જેની માટે આપણે એમ.આર.સી.પી. નામનો રિપોર્ટ કરાવવો પડશે. આ રિપોર્ટ કરાવવા માટે આપણે બહાર જવું પડશે, જેની અપોઈન્ટમેન્ટ અહીંથી લઈ લઈએ છીએ અને કાલે સવારે વહેલા રિપોર્ટ કરાવવા માટે જવાનું થશે.

એ દિવસે મારી લિવર બાયોપ્સી લીધી અને બીજા દિવસે એમ.આર.સી.પી. કરાવવા જવાનું નક્કી થયું. જ્યારે એમ.આર.સી.પી.નો રિપોર્ટ કરાવવા માટે જવાનું થયું ત્યારે અમારી સાથે સિવિલ હૉસ્પિટલ ખાતે આવેલ ડેન્ટલ હૉસ્પિટલના ડૉક્ટર ગીરીશભાઈ પરમાર સાહેબ તથા ડૉક્ટર શાંતનુભાઈ ચૌધરી સાથે આવ્યા. અમે રિપોર્ટ કરાવીને હોસ્પિટલ પરત ફર્યા. સાંજે ડોક્ટર પ્રાંજલભાઈ મારા રૂમ પર આવ્યા અને એમણે જણાવ્યું કે તકલીફનું નિદાન થઈ ગયું છે. પિત્તનળીનું સંકોચન થવાને કારણે પિત્ત આંતરડામાં જઈ શકતું નથી અને એનો ત્યાં જ ભરાવો થાય છે. ઉપરાંત ભરાવો થવાથી ઇન્ફેક્શન પણ થયું છે. સાહેબે બીજી વાત એ કરી કે ઇન્ફેક્શન થાય તો પણ જ્યારે રોગ પ્રતિકારક શક્તિને નિષ્ક્રિય કરવાની દવા એટલે કે મેડિકલ ભાષામાં immunosuppressant દવા ચાલતી હોય ત્યારે જલદી તાવ પણ આવતો નથી. જેથી ઇન્ફેક્શનનો અંદાજ આવે નહીં. હવે આપણે આગળની સારવાર માટે ગેસ્ટ્રોલોજીસ્ટ ડૉક્ટર જોડે જવાનું થશે. ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડોસ્કોપી દ્વારા પિત્તનળીનું જ્યાં સંકોચન થયું છે ત્યાં એક સ્ટેન્ટ મુકશે જેથી પિત્ત આગળ પસાર થઈ શકશે. આવો સ્ટેન્ટ દર બે-ત્રણ મહિને બદલવો પડશે. ત્રણ વાર



Scanned with CamScanner





Scanned with CamScanner

સ્ટેન્ટ બદલીશું એટલે કે ૬ મહિના જેટલા આ સમયગાળામાં આ સંકોચનવાળો ભાગ ફરીથી નોર્મલ સ્થિતિમાં આવી જશે અને પછી સ્ટેન્ટની કોઈ જરૂર પડશે નહીં. આ પ્રક્રિયા એકદમ સરળ છે, જેના માટે ટેન્શન લેવાની કોઈ જરૂર નથી.

બીજા દિવસે સવારે અમે અપોઈન્ટમેન્ટ અનુસાર ડૉક્ટર ઉમંગભાઈ રાઠી સાહેબને ત્યાં સ્ટેન્ટ માટે પહોંચ્યા. એકાદ કલાક પછી મને એન્ડોસ્કોપી રૂમમાં લઈ ગયા. પછી પ્રોસિજર કર્યા બાદ મને એક કલાક માટે હૉસ્પિટલ પર રોકાવવા માટે કહ્યું. ત્યારબાદ અમને કિડની હૉસ્પિટલ પરત જવા માટે રજા આપી. અહીં સાંજે મને મળવા માટે ડૉક્ટર પ્રાંજલભાઈ આવ્યા. તેમણે કહ્યું કે એન્ડોસ્કોપી દ્વારા આ સ્ટેન્ટ મૂકી શકાયો નથી એવી મને ડૉક્ટર ઉમંગભાઈ રાઠી એ વાત કરી. હવે આપણે ઇન્ટરવેન્શનલ રેડિયોલોજીસ્ટ પાસે સ્ટેન્ટ મુકાવો પડશે. આ પદ્ધતિમાં પેટ પર લિવરના ભાગેથી હોલ પાડીને એક નળી મુકશે જેના દ્વારા પિત્તનળીનો સંકોચાયેલ ભાગમાંથી પિત્ત આગળ પસાર થશે. જેની માટે PTBD સ્ટેન્ટ રાખવો પડશે.

બીજા દિવસે અમે ઇન્ટરવેન્શનલ રેડીયોલોજીસ્ટ ડૉક્ટર રોઝીલભાઈ ગાંધીને મળવા પાલડી ખાતે આવેલ સુશ્રુત હૉસ્પિટલમાં ગયા. અહીં મને ઓપરેશન થિયેટરમાં લઈ ગયા અને વીસેક મિનિટમાં પ્રોસિજર પૂર્ણ થઈ. ત્યાંથી મને કિડની હૉસ્પિટલ પરત જવા માટે રજા આપી અને પાંચ દિવસ બાદ ફરીથી ફોલો અપ માટે જણાવ્યું.

અહીંથી રજા લઈને નીકળ્યા અને ૨ નળી લગાવેલી બેગ સાથે કિડની હૉસ્પિટલ આવ્યા. હૉસ્પિટલમાં મારા બેડ પર બંને બાજુએ એક એક નળી લટકતી હતી, જેને બેડ સાથે બાંધેલી અને મને હલનચલન માટે ખૂબ મર્યાદા આવી ગઈ. મારે સંડાસ બાથરૂમનો ઉપયોગ કરતી વખતે પણ આ બંને નળી વાળી બેગ સાથે લઈને બેસવું પડતું. સાંજે ડૉક્ટર પ્રાંજલભાઈ મારા રૂમમાં આવ્યા અને કહ્યું કે દાદા, આજે સ્ટેન્ટ લગાવી શક્યા નથી એવું મને ડૉક્ટર



Scanned with CamScanner

રોઝિલ ગાંધીએ કહ્યું. આ ૨ નળીમાંથી એક પિત્તનળી છે અને બીજી છે એ લિવરના આજુબાજુના વિસ્તારમાં જમા થયેલા પ્રવાહીને બહાર નિકાલ કરવા માટે લગાવી છે. આ બીજી નળી થોડા દિવસમાં નીકળી જશે. પણ દાદા સ્ટેન્ટ પસાર થવો ખૂબ જરૂરી છે. નહીં તો ફરીવાર ઓપરેશન કરવું પડે જે ખૂબ જોખમી છે. આપણે આપણાથી થતો બધો જ પ્રયત્ન કરીએ પણ અંતે બધું જ ભગવાનના હાથમાં છે. આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે બધું સારું થાય. રૂમમાંથી નીકળતી વખતે ડૉક્ટર પ્રાંજલભાઈએ નર્સ બહેનોને આ બંને બેગમાં આવતું પ્રવાહીની માત્રા નોંધ રાખવા માટે જણાવ્યું. આ બેગ લગાવી અને સાથે જ લઈને હલનચલન કરવું પડતું હોવાથી ખુબ જ તકલીફ લાગવા માંડી.

પાંચ દિવસ પૂરાં થતાં અમે ફરીથી સુશ્રુત હૉસ્પિટલ ગયા. તે દિવસે એક નળી કાઢી નાખી અને જ્યાંથી સ્ટેન્ટ પસાર કરવાનો હતો તે થઈ ગયો. ડૉક્ટરે કહ્યું કે આજે સ્ટેન્ટનું કામ ખૂબ સારી રીતે પતી ગયું છે. ત્યારબાદ અમે કિડની હૉસ્પિટલ પરત ફર્યા. એક નળી નીકળી ગઈ જેથી ખૂબ હળવું લાગતું હતું. સાંજે ડૉક્ટર પ્રાંજલભાઈ મને મળવા આવ્યા અને એકદમ ખુશી સાથે કહ્યું કે દાદા, સ્ટેન્ટ પસાર થઈ ગયો છે, જેથી હવે કોઈ ચિંતાની જરૂર નથી. એમને સ્ટેન્ટની નળીને બેગ સાથે જોડેલી હતી તે ખોલી દીધી અને નળીના છેડાના ભાગને બંધ કરી દીધો. એ નળીના પાંચ ઈંચ જેટલા ભાગને વાળીને તેના પર કોટનનું પેડ મૂકી ડ્રેસિંગ કરી દીધું અને કહ્યું કે આવતા છ મહિના સુધી નળી આ રીતે સાચવીને રાખવાની છે પછી નળી કાઢી દઈશું. ડૉક્ટર પ્રાંજલભાઈએ કહ્યું કે હવે બધું જ ખાવાની છૂટ આપું છું. એક સામાન્ય માણસ જે ખાઈ શકે તે બધું જ ખાઈ શકો છો. કોરોનાના કારણે વધુ કરવું હિતાવહ નથી પરંતુ આપ રોજ ચાલવાનું - બગીચામાં જવાનું એક સામાન્ય માણસની જેમ કરી શકો છો. દર બે મહિને આ સ્ટેન્ટને આપણે ફૂલાવવો પડશે અને નવો સ્ટેન્ટ થોડીક મોટી સાઈઝનો લગાવીશું. આવું છ મહિના સુધી રાખીશું ત્યાં સુધી પિત્તનળીનું સંકોચન દૂર થઈ જશે અને મૂળ સ્થિતિમાં આવી જશે પછી આપણે સ્ટેન્ટ રીમૂવ કરી દઈશું.



Scanned with CamScanner







Scanned with CamScanner

આવતીકાલે આપને ઘરે જવા માટે રજા આપીશું અને એક અઠવાડિયા પછી રિપોર્ટ કરાવીને મને મોકલશો. હૉસ્પિટલના બે અઠવાડિયા જેટલા આ સમય દરમિયાન ડૉક્ટર વિનીતભાઈ મિશ્રા સાહેબ પણ સતત મારી મુલાકાત લેતા અને ઉદાહરણ આપતા કે ઘણા દર્દીઓને લિવર ટ્રાન્સપ્લાન્ટ પછી પિત્તનળીમાં સંકોચન થતું હોય છે પણ સ્ટેન્ટ લગાવ્યા બાદ આ નળી સામાન્ય સ્થિતિમાં આવે છે જેથી ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

બીજા દિવસે મને હૉસ્પિટલમાંથી રજા આપી અને ગાંધીનગર નિવાસસ્થાને આવ્યા. તે દિવસે મારું વજન ૫૪.૭ કિગ્રા હતું. રોજ બે કિલોમીટર જેટલું ચાલવાનું શરૂ કર્યું. હવે મને તબિયત ખૂબ સારી હોવાનો અનુભવ થઈ રહ્યો હતો. એક અઠવાડિયા પછી ડૉક્ટર પ્રાંજલભાઈની સલાહ અનુસાર લોહીના રિપોર્ટ કરાવીને તેમની સાથે ચર્ચા કરી. ડૉક્ટર પ્રાંજલ ભાઈએ કહ્યું કે રિપોર્ટ સારા છે હવે ત્રણ અઠવાડિયા પછી ફરીથી રિપોર્ટ કરાવીને મને મોકલશો.

ત્રણ અઠવાડિયા પછીના રિપોર્ટ પણ નોર્મલ આવ્યા અને પ્રાંજલભાઈએ વજન વધારવા તેમજ હિમોગ્લોબીન વધે તે અનુસાર ખોરાક લેવા જણાવ્યું. બે મહિના પછી ફરીથી અમે સુશ્રુત હૉસ્પિટલમાં જઈ આવ્યા અને સ્ટેન્ટ બદલાવ્યો. ધીમે ધીમે વજન વધવાની શરૂઆત થઈ અને મારું વજન ૬૫ કિલો નજીક પહોંચ્યું. ત્યારબાદ દિવાળીના બે અઠવાડિયા અગાઉ મને ઠંડી ચઢી ને તાવ આવ્યો અને શરીરમાં ધ્રુજારી થવા લાગી. એક દિવસ દવા લીધી પણ સાંજે ફરીથી તાવ આવ્યો એટલે બીજા દિવસે બ્લડ રિપોર્ટ કરાવ્યો જેમાં મેલેરિયાનો તાવ હોવાનું નિદાન થયું. આ રિપોર્ટની ડૉક્ટર પ્રાંજલભાઈ સાથે ચર્ચા કરતા તેમને મેલેરિયાની સારવાર પણ લેવા માટે જણાવ્યું.

ત્યારબાદ ફરી બે મહિના થતાં અમે સુશ્રુત હોસ્પિટલ જઈ આવ્યા અને સ્ટેન્ટ બદલાવ્યો. ત્યારે ડૉક્ટર રોઝિલ ગાંધીએ જણાવ્યું કે હવે બે મહિના પછી



Scanned with CamScanner

આવો ત્યારે લગભગ ૯૯ ટકા તો આ સ્ટેન્ટ આપણે નિકાળી દઈશું અને પછી બધું નોર્મલ સ્થિતિમાં પિત્તનો નિકાલ થશે. ડૉક્ટર પ્રાંજલભાઈ મોદીની સૂચના અનુસાર અમે દર ત્રણ કે ચાર અઠવાડિયે બ્લડ રિપોર્ટ કરાવતા હતા અને રિપોર્ટમાં સુધારો જણાતાં ઘણી બધી દવાઓ પણ બંધ કરાવી અને ખૂબ ઓછી દવા ચાલી રહી હતી.

એકવાર બ્લડ રિપોર્ટમાં ક્રીએટીનીનની માત્રા સામાન્ય વધારે જણાતાં ડૉક્ટર પ્રાંજલભાઈએ નેફ્રોલોજીસ્ટ ડૉક્ટરને મળવા માટે અમને સૂચના આપી. બીજા દિવસે અમે કિડની હૉસ્પિટલ ગયા અને ત્યાં ડૉક્ટર પંકજભાઈ શાહને મળ્યા. ડૉક્ટરે સોનોગ્રાફી કરાવી અને પેશાબનો રિપોર્ટ કરાવ્યો. બંને રિપોર્ટ નોર્મલ આવતાં જે દવા ચાલતી હતી તેમાં થોડો ફેરફાર કરીને ત્રણ અઠવાડિયા બાદ ફરીથી રિપોર્ટ કરાવવા જણાવ્યું.

તારીખ ૨૪ ફેબ્રુઆરીના રોજ ફરી અમે સુશ્રુત હૉસ્પિટલ ખાતે ગયા. ત્યાં ઑપરેશન રૂમમાં થોડી વારની પ્રોસિજર પછી ડૉક્ટર રોઝિલ ગાંધીએ કહ્યું કે હમણાં સ્ટેન્ટ નીકળી શકાય તેમ નથી જેથી એકવાર તમે ડૉક્ટર પ્રાંજલભાઈ સાહેબને મળી લો. અમે બીજા દિવસે કિડની હોસ્પિટલ ખાતે ડૉક્ટર પ્રાંજલભાઈને મળ્યા તેમણે તપાસ કરી અને કહ્યું કે એકાદ મહિનામાં આપણે સ્ટેન્ટ રીમૂવ કરી શકીએ તેવી ચર્ચા એકવાર હું ડૉક્ટર રોઝિલભાઈ સાથે કરી લઉં.

૮ ઑગસ્ટના રોજ અમે સુશ્રુત હૉસ્પિટલ ગયા ત્યાં સ્ટેન્ટ બદલીને નવો સ્ટેન્ટ મૂક્યો. ડૉક્ટર રોઝિલ ગાંધીએ એક મહિના પછી ડૉક્ટર પ્રાંજલભાઈને મળવા માટે અમને સલાહ આપી .

તારીખ ૧૬ માર્ચ, ૨૦૨૧ના રોજ સુરતથી હું ગાંધીનગર પરત આવ્યો ત્યારે મારાં કપડાં પર પ્રવાહીનો ડાઘ દેખાયો અને મારું આખું ડ્રેસિંગ ભીનું થઈ



Scanned with CamScanner

ગયું હતું. રાત્રે ડ્રેસિંગ બદલ્યું અને બીજા દિવસે સવારે કિડની હૉસ્પિટલ ખાતે ડૉક્ટર પ્રાંજલભાઈને મળવા માટે ગયા. ત્યાં ફરીથી સોનોગ્રાફીનો રિપોર્ટ કર્યો અને લોહીનો રિપોર્ટ પણ કર્યો. રિપોર્ટ નોર્મલ આવ્યા અને હવે પ્રવાહી પણ નીકળતું બંધ થયું હતું, જેથી હાશકારો અનુભવ્યો. ડ્રેસિંગ જે રાત્રે ભીનું થઇ ગયું ત્યારે ખૂબ જ ચિંતા અને વિચારો આવતા હતા કે હજુ કેટલા દિવસ સ્ટેન્ટ રાખવો પડશે અને આગળની સારવાર શું હશે? પણ હવે ડ્રેસિંગ ભીનું થતું ન હતું.

આજ રોજ તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૧ના રોજ ડૉક્ટર પ્રાંજલભાઈ મોદી સાહેબને બતાવવા માટે આવ્યો. ડૉક્ટર પ્રાંજલભાઈએ કહ્યું કે આપણે આજે એક તપાસ કરીને આ સ્ટેન્ટ રિમૂવ કરીશું. તેમણે પ્રોસિજર રૂમમાં તપાસ કરીને પછી નક્કી કર્યું કે આ સ્ટેન્ટ હવે કાઢી નાખીએ. એ સમયે ડૉક્ટર પ્રાંજલભાઈની આંખોમાં લાગણીસભર આનંદ છલકાતો હતો. ડૉક્ટર પ્રાંજલભાઈએ સ્ટેન્ટ દૂર કરીને કર્યું અને મને કહ્યું કે આઠ મહિના જેટલું તપ કર્યા પછી આજના આ શુભ દિવસે આપને સ્ટેન્ટમાંથી છૂટકારો મળ્યો. હવે તમે યોગ પ્રાણાયામ કસરત બધું જ એક સામાન્ય માણસની જેમ કરી શકો છો. ખાલી કોરોનાનો સમય ચાલે છે એટલે તેની ખાસ કાળજી લેવી જરૂરી છે, બાકી આપ એકદમ સ્વસ્થ છો.

આજે આ સ્ટેન્ટ દૂર થવાથી શરીરમાં અને મનમાં એક અલગ પ્રકારનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સાથે સાથે હકારાત્મકતાથી ઓપરેશન પછી પણ આઠ મહિના સુધી આ તકલીફ સહન કરી એમાંથી મુક્તિ મળી એને લીધે પણ એક સુખદ હળવાશનો અનુભવ થઈ રહ્યો છે.

ઈશ્વરકૃપાથી અને મહર્ષ જેવા યુવાનના અંગદાનથી મને નવું જીવન પ્રાપ્ત થયું છે. આ સમયની પ્રત્યેક પળ સમાજને સમર્પિત કરવાની ઝંખના છે. અંગદાન જેવી પ્રવૃત્તિ વધુ વ્યાપક બને અને લોકોમાં એની જાગરૂકતા વધે એ માટે સતત પ્રયત્ન કરવા માટે પ્રતિબધ્ધ છું. "અંગદાન એ જ શ્રેષ્ઠદાન !" આ સંદેશ સહુને પહોંચાડવા માટે જ જાણે મને નવું જીવન મળ્યું છે એમ માનીને મારું કર્તવ્ય નિભાવીશ.



Scanned with CamScanner

# અંગદાન એ જ જીવનદાન

● અરવિંદસિંહ

સંઘના પ્રત્યેક સ્વયંસેવકને ગળથૂથીમાંથી જ વ્યક્તિપૂજા નહીં પણ તત્ત્વપૂજાના સંસ્કાર મળેલા હોય છે. વ્યક્તિમાં સ્વાભાવિક મર્યાદા અને દોષ આવી જતા હોય છે. પરંતુ ત્યાગમય જીવનનાં અનેક ઉદાહરણો સંઘના સ્વયંસેવકોમાં જોવા મળે છે. એવું જ એક ઉદાહરણ દિલીપભાઈ દેશમુખનું છે. દિલીપભાઈ શારીરિક અને માનસિક હુષ્ટપુષ્ટ હોવા છતાં પણ લિવરની તકલીફ એમના શરીરમાં આવી ગઈ. કેવી રીતે આવી હશે તે આપણી સમજની બહાર છે. જ્યારે ખબર પડી ત્યારે મન ખૂબ જ અશાંત થવા લાગ્યું, ચિંતા પણ થવા લાગી.

તેમની સાથે ફોનથી વાત થતી, એ ખૂબ જ ઓછા શબ્દોમાં બીમારીની વાત કરતા, ટૂંકમાં જવાબ આપી દેતા હતા. હવે સારું છે કોઈ તકલીફ નથી અને બીજી પળે એ વાતને બાજુએ રાખી રોજીંદા સ્વભાવ મુજબ જ આપણા ખબરઅંતર પૂછે કે પછી કોઈ નવી વાત, કોઈ ઘટના કે માહિતીની આપ લે કરે.

દિલીપભાઈ અમદાવાદમાં લિવર ટ્રાન્સપ્લાન્ટ માટે સંઘર્ષમય દિવસો પસાર કરી રહ્યા હતા. લિવરનું દાન એટલે જીવનના દાન કરવા બરોબર કહેવાય.

મને બરાબર યાદ છે કે, લિવર ટ્રાન્સપ્લાન્ટના એક-દોઢ મહિના પહેલાં બધા મિત્રો દિલીપભાઈને અમદાવાદની સરસ્વતી હૉસ્પિટલ ખાતે મળવા ગયા હતા. એકદમ સ્વસ્થતાથી અમારી સાથે તેમણે આખો દિવસ વાતો કરી. એ દરમિયાન તેમણે બધા મિત્રોને કહ્યું કે, ઓપરેશન પછી સંભવિત જે પણ પરિણામ આવે એની સમગ્ર જવાબદારી મારી છે. કોઈને લેશમાત્ર દોષ આપવો નહીં અને ક્યાંક એવું બને કે લિવર ટ્રાન્સપ્લાન્ટ દરમિયાન હું ના બચી શકું તો મારા શરીરમાંથી જે પણ ઉપયોગી થઈ શકે એવાં અંગો મારે દાનમાં આપવાં છે.



Scanned with CamScanner






Scanned with CamScanner

કોઈ વ્યક્તિ માટે લખવાનો મારો સ્વભાવ પણ નથી અને અનુભવ પણ નથી. પ્રસિદ્ધિ પરામુખતાનો સ્વભાવ રાખવાની પરંપરામાં ઉછરેલા વ્યક્તિ વિશે લખીને એમના ગુણગાન કરીને સામાન્યને વિશેષ બનાવવાનો મારો કોઈ પ્રયત્ન નથી. પણ આ પ્રસંગે મારા જેવા દિલીપભાઈ સાથે સંકળાયેલા સંખ્યાબંધ કાર્યકર્તાઓને એક ચોક્કસ શીખ આપી છે અને તે છે અંગદાનનું મહત્ત્વ. અંગની પ્રતિક્ષા કરતા વ્યક્તિના જીવનમાં અંગનું કેટલું મહત્ત્વ છે. તે અમને સમજાયું હતું અને અમને અંગદાન માટે લોકજાગૃતિ કરવા પ્રેરણા મળી છે.



કીડની હૉસ્પિટલના પ્રેરણાપથ ડૉ.ત્રિવેદી સાહેબને શ્રધ્ધાસુમન



Scanned with CamScanner

# ચાહ મેરી યહ કી મૈં જલતા રહું

• પ્રશાંતભાઈ જોશી

**જીવન જીવવા કરતાં પ્રગટાવવાનો ભાવ એટલે 'આપણા દાદા'**

આમ તો મને લખવાનો શોખ. દાદા માટે લખવાની વાત થઇ તો મનમાં થયું હતું. વાહ મજા આવશે લખવાની.

લગભગ ઑગસ્ટ, ૨૦૧૯ થી દાદાને નાની - મોટી શારીરિક તકલીફ થતી હોવાનું ધ્યાનમાં આવી રહ્યું હતું. પગ પર સોજા આવવા, થાક લાગવો વગેરે તકલીફો હોવાની માહિતી મળવાનુ થતુ ત્યારે ધ્યાનમાં આવતી હતી. જો કે આ બધી જ તકલીફો દાદાના સ્વભાવ, વિચાર કે પ્રવાસ પર અસર કરતી હોય એવું ક્યારેય ન અનુભવાયું. તો દાદા પણ સામાન્ય તકલીફ હોવાનું જ રટણ કરતા હતા. પંકજભાઇ સાથે વાત થાય ત્યારે દાદાની તકલીફ વિશે વાતચીત થાય. બધાની ઈચ્છા એવી હતી કે દાદા અમદાવાદ આવીને સારવાર લે.

કદાચ પંકજભાઇ ચૌધરી સહિત અન્ય મિત્રોએ આ માટે તેમને અનેક વાર કહ્યું પણ હતું. તેમ છતાં ખબર નહી કેમ તેમનો એક જ જવાબ હતો કે મને કચ્છમાં રહેવું સારું લાગે છે. જે મારી તકલીફમાં પણ ઘટાડો કરી રહ્યું છે.


'બંધુત્વ' ટીમના અમે ૬-૭ લોકો દાદા અમદાવાદ રહેવા માટે આવે અને સારી હૉસ્પિટલમાં સારવાર લેવાનું શરૂ કરે તેવું કહેવા માટે ગયા હતા. તેમને સૌ એ વાતચીત કરી પણ ખરા. તેઓ થોડા તૈયાર થયા અને કહ્યું કે હું એક - બે રિપોર્ટ અહીં કચ્છમાં કરાવી લઉં. પછી અમદાવાદ આવવાનું વિચારીશ.

વાતચીતમાં દાદા એ કહ્યું કે મારા ભાઇએ મને કહ્યું કે મારું લિવર હું તને આપી દઉં છું. તું ડૉક્ટર સાથે વાતચીત કર અને તૈયારી કર. આ વાક્ય પછી દાદાનો અવાજ થોડો રૂંધાયો અને બોલ્યા કે મેં જીવનભર ન તો પરિવાર માટે કંઇ કર્યું છે કે ન તો તેમની ક્યારે ચિંતા કરી છે. છતાં પણ આજે તેઓ મારા માટે પોતાનું અંગદાન કરવા તૈયાર થયા છે.



Scanned with CamScanner







Scanned with CamScanner

દાદાની સ્થિતિ વધુ બગડી રહી હતી. લોકડાઉનના કારણે સારવારમાં પણ નિયમિતતા અને વિકાસ જળવાતો ન હતો. જેની સૌ કોઇને ચિંતા હતી અને આ લોકડાઉન કેટલું ચાલશે? તે પણ સૌના માટે એક પ્રશ્ન હતો.

લોકડાઉનની સ્થિતિમાં આંશિક ઘટાડો થતાં હું પણ દાદાને મળવા અમદાવાદ પહોંચ્યો. બોપલની ખાનગી હૉસ્પિટલમાં તેઓ દાખલ હતા. મારે લગભગ ૫ દિવસ તેમની સાથે તે સમય દરમિયાન રહેવાનું થયું. જેમાં ઘણા પ્રસંગો બન્યા. ખૂબ મહેનત અને રાહ પછી દાદાનું લિવર ટ્રાન્સપ્લાન્ટ કરવાની બધી તૈયારી થઇ ગઇ. જોગાનુજોગ તે સમયે બે મૃતકનાં લિવર ઉપ્લબ્ધ હતાં. જેમાંથી સુરતના એક ૨૪ વર્ષના યુવાનના અંગદાનથી દાદા સહિત બે લોકોના જીવનમાં નવો સૂરજ ઉગવા માટે બધું હેમખેમ થવાની આશા સાથે ઘડીઓ ગણાઇ રહી હતી. ઓપરેશનના આગલા દિવસે તબીબોની ટીમે દાદાના સ્વાસ્થ્ય અને તેને સંલગ્ન વિવિધ રિપોર્ટની તપાસ શરૂ કરી. એક લાંબી પ્રક્રિયા પછી તે તબીબોની ટીમ તપાસ કરીને રૂમ બહાર નીકળી. જયાં બહાર એક પરિચિત ડૉક્ટર્સએ આ તબીબોની ટીમને પોતાના અભિપ્રાય અંગે પૂછપરછ કરી. આ ડોક્ટર્સની ટીમના શબ્દો હતા કે ''આ તો સ્ટ્રેચર પર પડેલી જીવતી લાશ જ છે'', એનો મતલબ એ થતો હતો કે ઓપરેશન પછી દાદાના નવજીવનની તકો નહિવત્ હતી.

ઓપરેશનના દિવસે સવારે લગભગ ૭ વાગ્યાની આસપાસ દાદાનો ફોન આવ્યો. દાદાએ કહ્યું કે હું ઓપરેશન માટે જાઉં છું. દાદાનું ઓપરેશન શરૂ થાય તે પહેલાં હાજર તબીબી સ્ટાફે બધા દર્દી માટે સહજ કરવાની થતી પ્રક્રિયા અંતર્ગત તેમના વિવિધ સંમતિ આપતા કાગળીયાં પર સહી કરવા માટે પૂછ્યું કે દર્દીનું નોમિની કોણ છે? એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર યોગેન્દ્રભાઇ એ કહ્યું કે હું છું. જે વ્યકિત કયારેય પોતાના માટે જીવ્યો જ નથી અને જેણે સમગ્ર જીવન તન-મન બધું જ સમાજને સમર્પિત કરી હોય તેના માટે તો નોમિની એટલે આ સમાજ જ હોય ને! થોડી પૂછપરછ પછી ઉપસ્થિત તબીબોને પણ આશ્ચર્ય લાગ્યું.



Scanned with CamScanner



ઓપરેશન લગભગ સાડા બાર કલાક સુધી ચાલ્યું અને અમારી આતુરતાનો અંત ત્યારે આવ્યો જ્યારે સમાચાર મળ્યા કે ઓપરેશન પૂર્ણ થઇ ગયું છે. જોકે હજુ ૪૮ કલાક અતિ મહત્ત્વના હતા. કેમ કે ઈન્ફેક્શન લાગે તો નવી મુશ્કેલી ઊભી થઇ શકે. ઓપરેશન પૂર્ણ થયાના થોડા દિવસે ખોડીદાસભાઇએ વીડિયો કોલ થકી દાદાને બતાવ્યા. એ જ હસતો ચહેરો, પોતે બે આંગળીથી વિજયની મુદ્રા મને બતાવે છે. હું મારા આંસુને નથી રોકી શકતો. તે મને ન રોવા માટે ઈશારો કરે છે. પછી વીડિયો કોલ પૂર્ણ થાય છે.

પરંતુ, મારું રડવાનું લગભગ ૧૦ મિનિટ અવિરત શરૂ રહ્યું. ભગવાને મારા સહિત અનેકના જીવનના આગળના પડાવમાં પણ માર્ગદર્શન કરનાર, પ્રેરણા આપનાર અને ગમે તેવી પરિસ્થિતિમાં ચિંતા કરનાર વડીલ, મુરબ્બી, મિત્રને અમને પુનઃ આપ્યા હોવાનો આનંદ હતો. દાદા જે પરિસ્થિતિમાંથી પસાર થયા હતા તે વાતના અમે સાક્ષી રહ્યા હતા. દાદાની જેમ અનેક લોકો હશે જે અંગોની રાહ જોઈને બેઠા છે તેવા દર્દીઓને સમયસર અંગો મળે તે પ્રકારનું કામ કરવાનો મારા જેવા અનેક મિત્રોએ સંકલ્પ લીધો.

**"માતૃમંદિર કા સમર્પિત દીપ મૈં,**

**ચાહ મેરી યહ કી મૈં જલતા રહું,**

**જલતા રહું..."**



Scanned with CamScanner







Scanned with CamScanner

# મક્કમ મનોબળ

• ડૉ. ચિંતન ચૌધરી

૧૫ મે, ૨૦૨૦ ના રોજ દિલીપભાઈ દેશમુખ (દાદા) ને ફોલો અપ માટે કિડની હૉસ્પિટલ જવાનું થયેલું. હૉસ્પિટલથી પરત આવ્યા બાદ દાદાને ડુંટીના ભાગેથી પ્રવાહી બહાર આવતું હોય તેવું લાગ્યું. હું મારી હૉસ્પિટલથી આવ્યો અને દાદાને કોટન પેડ મૂક્યું તો પેડ થોડી વારમાં પ્રવાહીથી આખું પલળી ગયું. ફરી વાર ત્યાં ડ્રેસિંગ કર્યું, પણ પ્રવાહી આવવાનું સતત ચાલુ જ રહ્યું. પ્રવાહી બંધ થતું નહોતું. અમે ડૉ. પ્રાંજલભાઈ મોદી સાહેબની ટીમના ડૉ. મુકેશભાઈને ફોન કર્યો અને તેમની સૂચના મુજબ ડ્રેસિંગ કર્યું. તો પણ થોડી વાર પછી ફરીથી પ્રવાહી નીકળવાનું ચાલુ થયું. અમે ડ્રેસિંગ બદલતા રહ્યા. તે રાત્રે દાદા બેસીને પણ જમી ન શકે એવી એમની હાલત હતી. જો બેસે તો તરત પ્રવાહીની ધાર નીકળતી અને કપડાં પણ પ્રવાહીવાળા થઈ જતાં. આથી દાદા સીધા સૂઈને જ આખી રાત પસાર કરવા માટે વિવશ હતા. આખી રાત ડ્રેસિંગ પણ બદલવા પડ્યા. મોડી રાત્રે ડ્રેસિંગ માટેનો સમાન ખૂટી જતાં કૃણાલભાઈ અને હેમંતભાઈ મેડિકલ સ્ટોર ખોલાવીને આશરે બે વાગ્યે સમાન લઈ આવ્યા. પંકજભાઈ પણ આખી રાત દાદા પાસે બેસી ડ્રેસિંગ કરતા રહ્યા. સવારે અમે કિડની હૉસ્પિટલ જવાનું નક્કી કર્યું. દાદાએ આખી રાત જે પીડા વેઠી હતી એ અમે અનુભવી હતી. સવારે થોડોક નાસ્તો કર્યો અને એમ્બ્યુલન્સમાં બેસી અમે કિડની હૉસ્પિટલ જવા નીકળ્યા. હૉસ્પિટલ પહોંચ્યા એટલે ડૉ. સાહેબે સૌ પહેલાં પ્રવાહી નીકળવાનું ચાલુ હતું તે જગ્યાએ ટાઇટ ડ્રેસિંગ કર્યું અને સોનોગ્રાફી મશીન વડે જોતા પેટમાં પાણી ભરાઈ ગયું હોય તેમ લાગતાં ત્રણ કલાકમાં આશરે આઠ લિટર જેટલું પાણી કાઢવામાં આવ્યું. દાદાએ આખી રાત પીડા સહન કરી હતી અને સહેજ પણ ઊંઘી નહોતા શક્યા છતાં પણ દાદાના ચહેરા પર તાજગી હતી. લગભગ ચાર વાગ્યે દાદાએ રાજમા ચાવલ ચાર-પાંચ ચમચી ખાધા. બીજા દિવસથી મારી કોરોનામાં ફરજ હતી એટલે દાદાના આશીર્વાદ લઈને હું ત્યાંથી નીકળ્યો. એ પછી તો દાદા સાથે મુલાકાત ઓપરેશન પછી હૉસ્પિટલમાંથી રજા આપી ત્યારે ગાંધીનગરમાં થઈ હતી. આવા પીડાના સમયમાં પણ માનસિક



Scanned with CamScanner



રીતે મજબૂત રહીને આ સમયનો સામનો કરવો એ બાકીના દર્દીઓ માટે દાદાનું ઉદાહરણ પ્રેરણાદાયક છે. દાદા સાથેના સહવાસમાં એવું સમજાયું કે મન જો મક્કમ હોય તો ગમે તેવી મુશ્કેલીમાંથી પસાર થઈ શકાય છે. દાદાના મજબૂત મનોબળને લાખ લાખ વંદન. દાદાનું હવે લક્ષ્ય અંગોની રાહ જોઈને બેઠેલા જરૂરિયાતમંદ દર્દીઓ માટે અંગદાનના કાર્યક્રમને વેગ આપવાનો છે ત્યારે ડૉક્ટર તરીકે હું આ અભિયાનનો ભાગ બનવા તત્પર છું.



Scanned with CamScanner

# સરસ્વતીથી સિવિલ સુધીનાં સંભારણા

• ડૉ. પ્રદ્યુમ્ન વાજા

૫ મી મે ની ઢળતી સાંજે મિત્ર પ્રદીપસિંહ વાઘેલાનો ફોન આવ્યો અને પૂછ્યું : "ડૉક્ટર સાહેબ ક્યાં છો?" મેં પ્રત્યુતર આપ્યો : "ઘરે જ છું." તેમણે કહ્યું :"બહાર આવો, અમે તમારી સોસાયટીની બહાર ઊભા છીએ." તેમની સાથે પંકજભાઈ ચૌધરી પણ હતા. મેં તેમના આગમનનું પ્રયોજન પૂછતાં તેમણે કહ્યું "આપશ્રી દિલીપભાઇ દેશમુખને ઓળખો છો?" મેં જવાબ આપતાં કહ્યું "બિલકુલ ઓળખું છું, પણ તેમને મારો પરિચય નથી. પ્રદીપસિંહે મને માહિતી આપી કે, "તેમને લિવરની બીમારી હોવાથી લિવર પ્રત્યારોપણની જરૂર છે અને હાલમાં તેઓ બોપલ સ્થિત સરસ્વતી હૉસ્પિટલમાં દાખલ છે. જો સમય મળે તો મુલાકાત લેશો?" મેં સહજ ભાવે કહ્યું, જરૂર, કાંઈ પણ કામ હોય તો કહજો.


૨-૩ દિવસ બાદ હું 'દાદા' ના હુલામણા નામે જાણીતા શ્રી દિલીપભાઇ દેશમુખને સરસ્વતી હૉસ્પીટલમાં રૂમ નંબર ૧૦૧માં મળવા પહોંચ્યો. પ્રદીપસિંહે મારી દાદા સાથે ઓળખાણ કરાવી ત્યારબાદ મારે નિયમિત સરસ્વતી હૉસ્પિટલ આવવાનું થતું.

એક દિવસ સવારમાં મનોજભાઇ નો ફોન આવ્યો : "ડૉક્ટર સાહેબ તમે હૉસ્પિટલ આવી શકશો? દાદાને લોહી ચડાવવાનું છે. સારવાર દરમિયાન દાદાને લોહીની સાથે સાથે પ્રોટીનના બાટલા પણ ચડાવાતા. કોઈ પણ બાટલા ચડતા, તે દરમિયાન દાદા હાથ સ્થિર રાખતા. જેથી તેમનો હાથ ભારી થઇ જતો. જેથી હું તેમનો હાથ પકડી તેમને સામાન્ય હાથ હલાવવાની સલાહ આપી તેમના મનનો ભય દૂર કર્યો હતો. ત્યારથી દાદાને લાગ્યું કે, "આ ડૉક્ટર ને કાંઈક આવડે છે."

સરસ્વતી હૉસ્પિટલના એ કપરા દિવસો દરમિયાન દાદાને અંડવૃદ્ધિ અને સારણગાંઠની સાથે સાથે પેટમાંથી પાણી નીકળવાની પણ તકલીફ હતી. તેમ છતા એક યુવાનને પણ શરમાવે તેવી સ્ફૂર્તિથી તેઓ યોગ કરતા.



Scanned with CamScanner





Scanned with CamScanner

એ દરમિયાન એક દિવસ દાદાએ મને બોલાવી કહ્યું, "તમારે કાલે કિડની હોસ્પિટલ સાથે આવવાનુ છે. શું કરશો?" મેં કહ્યું કે, "હું સવારે આવી જઈશ". તો તેમણે સ્પષ્ટતા કરી, "માત્ર કાલે આવવાનુ નથી, પણ કાલથી IKDમાં મારી સાથે રહેવા માટે કેવી રીતે ગોઠવશો?" એટલે મેં ત્વરિત કહ્યું : "ચિંતા ના કરશો, હું ત્યાં સાથે રહીશ." તેમને વિશ્વાસ અપાવ્યો કે સિવિલમાં મારા મિત્ર ડો. ઉમંગ ભાવસાર પણ સતત ખડે પગે દિવસ દરમ્યાન હાજર રહેશે.

IKDમાં જવાનું થયું ત્યારે ડૉ.પ્રાંજલભાઈએ દાદાને તપાસીને સલાહ આપી, "સારણગાંઠના નાના ઓપરેશન માટે હું બેહોશ કરવાનું જોખમ લેવા નથી માંગતો (એમ કહેવાય સોનાની જાળ પાણીમાં નાખવી નથી). એટલે આપણે લિવર ટ્રાન્સપ્લાન્ટ જ પહેલાં કરીશું. દાદાએ તેમની સલાહ સ્વીકારી લીધી. એક દિવસ સાંજે મારા જવાના સમયે દાદાએ મને રોકાવાનું કહ્યું એટલે મને અંદાજ આવી ગયો કે લિવર મળી ગયું છે અને ગમે ત્યારે ઓપરેશન થશે તે દિવસ સાંજે બેહોશ કરવાવાળા ડૉક્ટર (anaesthetist) ઓપરેશન પહેલાની તેમની તપાસ કરવા માટે આવ્યા. ડૉક્ટરે મને પૂછ્યું: "તમે દાદાના દીકરા છો?" મેં જવાબ આપ્યો: "હા, હું દાદાનો દીકરો છું અને અહીં ઊભા છે તે બધા જ તેમના દીકરા છે".

ડૉક્ટર મને બહાર લઈ ગયા. બહાર તેમણે મને જણાવ્યું : "આ કેસ અત્યંત ગંભીર અને જટિલ છે જેમાં DOT (Death On Table – ઓપરેશન દરમ્યાન મૃત્યુ) ની શક્યતા છે, એટલે સહી કોણ આપશે?" મેં કહ્યું : "મને ખ્યાલ છે" મેં હસતાં હસતાં જવાબ આપ્યો : "તમે ચિંતા ન કરો તમે કહેશો તો ડૉ. વિનીતભાઈ અને ડૉ. પ્રાંજલભાઈ પણ સહી આપશે."


કુદરતનો કરિશ્મા થયો અને એ જ રાત્રે એક યુવાન દાતાનું લિવર મળ્યાના સમાચાર આવ્યા. ડૉ.મનિષાબહેનનો સવારમાં ફોન રણક્યો અને કહ્યું : "સવારે ૭:૩૦ વાગે ટ્રાન્સપ્લાન્ટ છે. આવી જજો" સવારે ખોડીદાસભાઈનો પણ ફોન આવી ગયો.



Scanned with CamScanner

હું IKD પહોંચ્યો ત્યારે દાદા પ્રિ.ઓપરેટીવ વોર્ડ માં તૈયાર હતા અને તેઓ અત્યંત સ્વસ્થ અને પ્રફુલ્લિત જણાતા હતા.

લગભગ ૧૪ થી ૧૬ કલાક ઓપરેશન ચાલ્યું. મોડી સાંજે ઓપરેશન સફળતા પૂર્વક પૂરું થયું એના સમાચાર મળતાં સૌએ રાહતનો દમ લીધો. દાદાને ઓપરેશન થિયેટરમાંથી ICU માં લઈ જતાં તેમના શરીરમાં અસંખ્ય નળીઓ હતી. થોડા દિવસો બાદ એ ખુશીનો દિવસ આવી ગયો જ્યારે દાદાને હૉસ્પિટલમાંથી રજા મળી અને શંકરભાઇ ચૌધરી તેમને લેવા આવ્યા. દાદાએ બધા હૉસ્પિટલના સ્ટાફનો આભાર માની ડૉ. વિનિતભાઈની કચેરીમાં મુલાકાત લઈ ગાંધીનગર જવા રવાના થયા.





Scanned with CamScanner

# અંગદાનની હાકલ કરતી 'દાદા'ની થર્ડ ઈનીંગ

• ડૉ. ડી.એમ. ભદ્રેસરિયા

સાહિત્યકાર મિત્ર કિશોરભાઈ મકવાણાના સ્નેહ-સંબંધે દિલીપભાઈ દેશમુખ 'દાદા'ની 'મારી લિવર ટ્રાન્સપ્લાન્ટ યાત્રા - થર્ડ ઈનીંગ'નો શબ્દદેહે પરિચય થયો. મારે ગરવી ગુજરાતના અનેકાનેક પ્રેરણા-પુરુષોની આધ્યાત્મિક-સામાજિક-શૈક્ષણિક-રાજકીય જીવનયાત્રાનાં પુસ્તકોમાંથી પસાર થવાનું બન્યું છે. પરંતુ પોતાના જીવતરના સાતમા દાયકામાં 'લિવર ટ્રાન્સપ્લાન્ટ'ની યાત્રા આરંભી, 'મને જો તક મળશે તો હું અંગદાનની જાગૃતિનું કામ હાથ ઉપર લઈશ.' એવા કરેલા દઢ સંકલ્પને ફળીભૂત કરવા દિલીપભાઈ 'દાદા' પોતાના જીવનની થર્ડ ઈનીગ સમાજોપયોગી એવા અંગદાનના પ્રચાર-પ્રસાર માટે ખર્ચી નાખવા તૈયાર થયા છે, જે સામ્પ્રત સમયની તાતી જરૂરિયાત છે.

વિશ્વના દેશોની સરખામણીએ આપણા ત્યાં અંગદાન કરવાનો અભાવ વર્તાય છે. અંગદાન કરવું તો ઠીક; અંગદાનનો વિચાર આવવો એ પણ એક આશ્ચર્ય કહેવાય ! એવા સમયે દિલીપભાઈ 'દાદા' એ માનવીને નવજીવન આપવાનું કાર્ય હાથ ધરવાનો-પાર પાડવાનો મનસૂબો ઘડ્યો છે, જે સૌ ગુજરાતીઓ; ખાસ કરીને આપણી યુવાપેઢી હોંશભેર આવકારશે તો સુરતના મહર્ષ પટેલના પરિવારજનો જેવા અંગદાતાઓ ઊભા થશે, સાથે-સાથે દિલીપભાઈ 'દાદા' જેવા અનેક સમાજસેવકોને જીવનની થર્ડ ઈનીંગ રમવા (જીવવા) મળશે.

યુવાકાળથી જ રાષ્ટ્રવાદ પ્રેરિત સંઘકાર્યમાં પોતાનું જીવન સમર્પિત કરનારા ગુજરાતીઓમાંના એક મહાનુભાવ એવા દિલીપભાઈ દેશમુખનાં જાહેરજીવનનાં સદ્કાર્યોથી સૌ સુપરિચિત છે જ પરંતુ આ 'થર્ડ ઈનીંગ'નાં પૃષ્ઠોમાં અંકાયેલી દિલીપભાઈ 'દાદા'ની 'લિવર ટ્રાન્સપ્લાન્ટ'ની યાત્રા સાચે જ પ્રેરણાદાયી છે. રાતદિવસ, ટાઢ-તડકો જોયા વગર સમાજોપયોગી કાર્યોમાં



Scanned with CamScanner

થનગનાટથી દોડધામ કરનાર વ્યક્તિને જ્યારે સ્ટ્રેચર પર હૉસ્પિટલ જવાનું આવે અને 'લિવર ટ્રાન્સપ્લાન્ટ જ એક માત્ર ઉપાય' હોય ત્યારે દૃઢ મનોબળથી આવી પડેલી આફતોને હસતા મોઢે સ્વીકારનારા દિલીપભાઈ 'દાદા'એ ઢળતી ઉંમરે શારીરિક સર્જરીથી ગભરાઈ જનારા દર્દીઓનો ભય દૂર કરવાનું કામ કર્યું છે.

કોરોના જેવી મહામારીમાં ખુદ તબીબો દવાખાનાં અને દર્દીઓથી છેટા રહેતા હોય, લોકડાઉનના સમયમાં સાધનસામગ્રીથી માંડીને માનવસેવાનો અભાવ હોય ત્યારે બોપલથી અસારવાની કિડની હૉસ્પિટલની દોડાદોડી કરવી, રિપોર્ટ ઉપર રિપોર્ટ કરાવવા, દર ચાર દિવસે આલ્બ્યુમિનના ડોઝ લેવા દવાખાને આવવું, અંડવૃધ્ધિ અને સારણગાંઠની સાથે પેટમાંથી પાણી નીકાળવાની-પિત્તની નળીની અસહ્ય બીમારી વેઠવી, સ્ટેન્ટ મૂકાવવું-બદલવું-ડ્રેસિંગ કરાવવું, શરીરનું વજન ઘટાડવા રોજ બે-અઢી કિ.મી. ચાલવું, ખાવાપિવાની પરેજી પાળવી, વગેરે તો ખરું જ, 'લિવર ટ્રાન્સપ્લાન્ટ'ની જરૂરિયાત વચ્ચે ઊભા થયેલા સારણગાંઠના ઓપરેશન જેવી ટ્રિપીકલ સિચ્યુએશનમાં બે-બે વખત 'લિવર ટ્રાન્સપ્લાન્ટ'ની તારીખો રદ થયાની ખબરનો શારીરિક-માનસિક પરિતાપ પણ હસતા મોઢે વેઠીને દિલીપભાઈ 'દાદા' એ સાચે જ મજબૂત તન-મનના માનવીની ઓળખ છતી કરી છે.

'આ તો સ્ટ્રેચર પર પડેલી જીવતી લાશ છે. DOT - Death On Table' જેવા તબીબોના અભિપ્રાયોનો સહજ સ્વીકાર કરીને દિલીપભાઈ 'દાદા'એ ૧૪થી૧૬ કલાકનું ઓપરેશન અને ૪૮ કલાકની અનિશ્ચિત-અસહ્ય વ્યાધિ-ઊપાધિમાંથી પસાર થઈ 'થર્ડ ઈનિંગ' પ્રાપ્ત કરી છે. આ 'થર્ડ ઈનિંગ'ને તેઓ હવે સમાજોપયોગી; કહો કે માનવીને નવજીવન અર્પતા અંગદાનના સર્વોત્તમ કાર્યમાં સમર્પિત કરવાના છે, જેમાં તેમને અનેક સફળતાઓ મળે એવી શુભકામનાઓ સાથે 'મારી લિવર ટ્રાન્સપ્લાન્ટ યાત્રા - થર્ડ ઈનિંગ' જાણ્યા-માણ્યાનો આનંદ વ્યક્ત કરું છું.



Scanned with CamScanner

6 કિડની, 3 લિવર અને 1 સ્વાદુપિંડનું સફળ ટ્રાન્સપ્લાન્ટ કરાયું

# સિવિલમાં સપ્તાહમાં 3 બ્રેઈન ડેડ દર્દીનાં અંગદાનથી 9ને નવજીવન

હેલ્થ રિપોર્ટર | અમદાવાદ

સિવિલ હોસ્પિટલમાં સ્ટેટ ઓર્ગન એન્ડ ટિશ્યૂ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઇઝેશન (સોટો) અંતર્ગત અઠવાડિયામાં ત્રણ બ્રેઇનડેડ દર્દીનું અંગદાન પ્રાપ્ત થયું છે, જેમાં 6 કિડની, 3 લિવર, 1 સ્વાદુપિંડનું

## અંગદાન કરનારાના સ્વજનોનું સન્માન

**કિસ્સો-1 | બેને કિડની, એકને લિવર મળ્યું**

મધ્ય પ્રદેશના રતલામના કલેક્ટરના રસોઇયા ભગીરથ પરમારના 20 વર્ષીય પુત્ર આકાશની એક કિડનીનું રાજકોટની 11 વર્ષની છોકરી અને બીજી કિડનીનું બનાસકાંઠાની 18 વર્ષની યુવતી જ્યારે ભુજના એક 50 વર્ષીય વ્યક્તિને લિવરનું પ્રત્યારોપણ કરાયું હતું.

# મૃત્યુ પછી પણ જીવતા રહી શકાય?

'ફિર જિંદગી...' નામની પચાસ મિનિટની ફિલ્મ કાયમ જીવતા રહેવાનું વિજ્ઞાન ખોલી આપે છે! એક સત્ય ઘટનાનો જીવંત અંજામ પ્રેરણાદાયક છે



ભાસ્કર વિશેષ | સુરતથી ચેન્નાઈનું 1615 કિ.મી.નું અંતર 160 મિનિટમાં કાપી હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ રશિયાના 4 વર્ષના બાળકમાં કરાયું

# અઢી વર્ષના જશનાં અંગોનું દાન, હૃદય રશિયાના બાળક અને ફેફસાં યુક્રેનના બાળકમાં ટ્રાન્સપ્લાન્ટ

ભાસ્કર ન્યૂઝ | સુરત

## સુરતના બાળકનું હૃદય રશિયામાં ધબકશે અને ફેફસાં યુક્રેનમાં શ્વાસ ભરશે

સુરતના સૌથી ઓછી ઉંમરના બાળકના સૌથી વધુ અંગોનું રાજ્યમાં પ્રથમ વખત ઓર્ગન ડોનેશન



સુરતથી ચેન્નાઈનું 1615 કિ.મી.નું

ભારતીય પીડિયાટ્રિક દર્દી ન હોવાના કારણે વિદેશી બાળકોને હૃદય અને ફેફસાં ફાળવાયાં

અમદાવાદ

નવગુજરાત સમય | અમદાવાદ | શુક્રવાર | ૧૯ માર્ચ, ૨૦૨૧

સિવિલમાં એક જ સપ્તાહમાં અંગદાનથી 9 દર્દીને નવજીવન મળ્યું

# દસ વર્ષમાં એક પણ વ્યક્તિએ અંગદાન ન કર્યું, 84 દિવસમાં સાત બ્રેઈન ડેડનું અંગદાન

» 3 બ્રેઇનડેડ દર્દીના શરીરમાંથી 6 કિડની, 3 લિવર, 1 સ્વાદુપિંડનું દાન મેળવાયું

નવગુજરાત સમય > અમદાવાદ



**આ પાંચ તબીબોની મહેનત રંગ લાવી**

ડૉ. જે.વી.મોદી- તમામ લોકો સાથે મળી SOTTOની કામગીરીની કમાન સંભાળી

ડૉ. પ્રાંજલ મોદી- સ્ટેટ SOTTOના સ્ટેટ કન્વીનર છે. તેમના માર્ગદર્શન હેઠળ તમામ કાર્યો ટીમે કર્યા

ડૉ. યોગેશ મોરી, ડૉ. નિલેશ કાછડિયા- બ્રેઇનડેડ દર્દીના

**અંગદાન કરનાર પરિવારને જરૂરિયાત સમયે અગ્રતા**

અંગદાન કરનાર સ્વજનોનું આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેના હસ્તે સન્માન કરાયું હતું. તેમણે જણાવ્યું હતું કે, જે વ્યક્તિઓએ અંગદાન કર્યું છે. તેમના પરિવારમાં કોઇને ઓર્ગન જરૂર



કચ્છમિત્ર
ભુજ - રવિવાર, તા. ૦૭-૦૨-૨૦૨૧

# મૃત્યુ પછી પણ જીવંત રહેવું હોય તો અંગદાન કરો

## લિવર ટ્રાન્સપ્લાન્ટ કરાવી નવજીવન મેળવનારા જિલ્લાના સામાજિક અગ્રણીની હૃદયસ્પર્શી અપીલ

હેમાંગ પટ્ટણી દ્વારા

ભુજ, તા. ૬ : જીવન અને મરણ એ તો ભગવાનના હાથની વાત છે પણ તમે મૃત્યુ પામ્યા બાદ જીવત રહી શકો તો એનાથી વધુ સારી બાબત કઈ હોઈ શકે. જો તમને મૃત્યુ બાદ જીવત રહેવું હોય તો અંગદાન કરો એવી હૃદયસ્પર્શી અપીલ લિવર ટ્રાન્સપ્લાન્ટથી નવજીવન મેળવનાર કચ્છના સામાજિક અગ્રણી દ્વારા કરવામાં આવી છે. સાથોસાથ અંગદાનની બાબતમાં લોકોમાં જાગૃતતા આવે તે માટે પોતે બનતા પ્રયાસ કરવા સાથે સંકલિત કરવાની તત્પરતા દર્શાવી છે.

કચ્છ યુવક સંઘ સહિતની સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના રંગે રંગાયેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રંગે રંગાયેલા દિલીપભાઈ દેશમુખ એમણે ...

તેમને ડોનર મળ્યો કે તરત જ અમદાવાદની સિવિલ હોસ્પિટલના ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. પ્રાંજલ મોદી અને કિડની ટ્રાન્સપ્લાન્ટના સ્પેશિયાલિસ્ટ ડૉ. વિનિત મિશ્રાએ ૧૩થી ૧૪ કલાક સુધી જટિલ શસ્ત્રક્રિયા પાર પાડી તેમને નવજીવન બક્ષ્યું છે.

સુરતના મહર્ષ પટેલ નામના ... જ્યારે થાય છે એ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તેમનું ઓપરેશન અને સારવાર કરવામાં આવી હતી. સુરતથી ડોનરનું લિવર અમદાવાદ પહોંચાડવા માટે ગ્રીન કોરિડોર બનાવાયો હતો.

શ્રી દેશમુખના ફેમિલી ડોક્ટર એવા તબીબ ડૉ. મુકેશ ચંદેએ કહ્યું કે, પેટમાં પાણી ભરાય, શરીરના ...

**આધુનિક સારવાર થકી અંગપ્રત્યારોપણનો સફળતા દર વધ્યાનો તબીબોનો મત: વિશ્વના અન્ય દેશોની તુલનાએ અંગદાન પ્રત્યે ભારતમાં જાગૃતતાનો અભાવ**





લિવર ફરી એકવાર તેના નિયમિત કદમાં આવી જાય છે. એટલે કે અંગદાન શ્રેષ્ઠ છે અને સર્વે તો નિષ્ણાત તબીબો, સારવારની બધી સુવિધા અને અદ્યતન દવાઓ ઉપલબ્ધ હોતા ટ્રાન્સપ્લાન્ટની સફળતાનો દર વધ્યો છે.

જો નિયત સમયમાં ડોનર ન મળે અથવા તો રોગને પારખવામાં સમય નીકળી જાય તો તે વ્યક્તિને મલ્ટિપલ ઓર્ગન ફેઇલ્યોરની સમસ્યા સર્જાય છે જે પછી તેનું જીવન બચાવવું અતિ કપરું કાર્ય બની જતું હોય છે. ડૉ. ચંદેએ એમ પણ કહ્યું કે સીરોસીસ થવાના કારણો લિવર ફેઇલ્યોર થતું હોય આવા ...

દેશમુખે આ પ્રવૃત્તિ કરવા ઇચ્છુક તેમનો ફોન ૯૮૨૫૨ ૧૧૫૦૫ પર સંપર્ક કરી શકે તેવી અપીલ પણ કરી છે. જ્યાં સુધી ડોનર ન મળે ત્યાં સુધી દર્દીને તેના માટે તૈયાર રાખવો કરજ સમિતિની પ્રાથમિક તબીબની રહેતી હોય છે.

## અંગદાન બે રીતે થઇ શકે

અંગદાન બે રીતે થઇ શકે તેમાં એક છે લાઇવ ડોનર જેમાં લોહીનો સંબંધ ધરાવતી વ્યક્તિ અંગદાન કરી શકે. બીજો છે કેડેવર ડોનર એટલે કે બ્રેઇન ડેડ થયેલા વ્યક્તિના પરિવારની સંમતિના આધારે અંગ પ્રત્યાર્પણ કરવું. અંગદાન કરનાર કે અંગનું દાન લેનારને નાણાંની આપ-લે કરાતી નથી ...

Scanned with CamScanner



પહેલાં લોકો કહેતા હતા લગ્ન કરો. સંતાનોને જન્મ આપો.

તમે નહીં રહો પણ તમારી નિશાનીઓ રહેશે.

પરંતુ એ કેટલું સુંદર છે કે આપણે નહીં હોઇએ છતાં પણ

આપણું હૃદય બીજાના શરીરમાં ધડકતું હશે....

આપણે નહીં હોઇએ છતાં આપણી કીડની બીજાના

રક્તને પવિત્ર અને સ્વચ્છ કરી રહી હશે...

આપણે નહીં હોઇએ છતાં આપણું લિવર બીજા કોઇના ભોજનને

હાડ-માંસ-મજ્જા અને રસ બનાવી એમના શરીરનું પોષણ કરતું હશે...

આપણે નહીં હોઇએ છતાં આપણી આંખો જગતનાં બધાં જ સુંદર
દૃશ્યો જોતાં ધન્ય થઇ રહી હશે...

આપણે નહીં હોઇએ છતાં આપણે હોઇશું...

- પૂજનીય સાધ્વી ઋતંભરા

પ્રકાશક

નમસ્કાર

પબ્લિકેશન

Scanned with CamScanner